અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:9, Issue: 224, Dt.04-07-2024 (Thursday)

Email ; saurashtrakranti@gmail.com

FOLLOW US!

saurashtrakranti

Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2024-26,VALID UP TO 31-12-2026 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

**સુવિચાર**

દરેક વૃક્ષ ફળ આપે એ જરૂરી નથી, અમુક વૃક્ષો ફળ નહીં પણ ઠંડો છાંયો આપે છે!

### હાઈકોર્ટમાં રાજય સરકારે એસઆઈટીનો રીપોર્ટ કર્યો રજૂ

# સરકાર કાર્યવાહી કરવામાં ઢીલાશ કેમ મુકે છે: હાઈકોર્ટ



## અગ્નિકાંડ પર તપાસ થવી જોઈએઃ અગાઉ ટીઆરપી ગેમઝોનમાં આગ લાગી હતીઃ એસઆઈટી રીપોર્ટમાં ચાર વિભાગની બેદરકારી આવી સામે

અમદાવાદ, તા.૪

રાજકોટ TRP ગેમ ઝોનમાં આગ લાગવા મામલે આજે હાઈકોર્ટમાં વધુ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સત્ય શોધક કમિટી દ્વારા સીલ બંધ કવરમાં હાઈકોર્ટ સમક્ષ રિપોર્ટ મૂકવામાં આવ્યો હતો. આ રિપોર્ટ જોઈને કોર્ટ ઓર્ડર કરશે. આ મામલે હવે ૨૫ જુલાઈના રોજ વધુ સુનાવણી કરવામાં આવશે. ગેમિંગ ઝોન અને આનંદ મેળાના અરજદારોને પક્ષકાર બનાવવા કોર્ટે મનાઈ કરી દીધી છે.

સુરતના એક ગેમિંગ ઝોને કહ્યું બધી મંજૂરી છે પણ ગેમિંગ ઝોન બંધ છે. સુરત મનપા નિરીક્ષણ માટે આવતી નથી. જેથી કોર્ટે કહ્યું કે,તમે અને સુરત મનપા એફિડેવિટ ફાઈલ કરે તો જોઈશું.

ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ એસોસિએશનના પ્રમુખે કહ્યું કે, કેટલાક ફાયર ઓફિસરો પાસે પૂરતી લાયકાત નથી. ફાયર ઓફિસરોની ખાલી જગ્યા ભરવી જરૂરી છે.

રાજ્યમાં ફાયર બ્રિગેડના કર્મચારીઓ પૂરતા પ્રમાણમાં છે? ફાયર વિભાગના સ્ટ્રક્ચર વિશે થયેલી ચર્ચામાં કોર્ટે પૂછ્યું કે, રાજ્યમાં ફાયર બ્રિગેડના કર્મચારીઓ પૂરતા પ્રમાણમાં છે? તેમનું ક્વોલિફિકેશન શું છે?

ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ એસોસિએશનના પ્રમુખે કહ્યું કે, ડો.પુરોહિત નામના એક ભાઈ અમદાવાદમાં ફાયર સેફ્ટી ઉપર કામ કરે છે,તે ધ્યાને લેવું જોઈએ.

અમિત પંચાલે કહ્યું કે, દરેક મનપા પાસે તેની અલગ ફાયર સેફ્ટી હોય છે, રાજ્યની સ્ટેટ ફાયર સર્વિસ તેનાથી અલગ છે.

રાજ્યમાં ફાયર સેફ્ટીને લઈને હાઈકોર્ટમાં PIL કરનાર અમિત પંચાલે કહ્યું કે, મનપા કમિશનરને રાજ્ય સરકાર બેદરકારી કે અક્ષમતા બદલ દૂર કરી શકે છે. મનપા કમિશનર તેની ફરજો સિવાય અન્ય કોઈ કામ કરી શકે નહીં.

ટાઉન પ્લાનર મનસુખ સાગઠીયાના રોલ પર કોર્ટમાં ચર્ચા થઈ હતી. જેમાં કોર્ટે કહ્યું કે, સંસ્થાના હેડ એટલે કે મનપા કમિશનરની પણ જવાબદારી બને.આવા ઓફિસરોના આધારે સિસ્ટમ ચાલી શકે નહીં.

સરકારે રજૂઆત કરી કે, TRP ગેમ ઝોનને અગાઉ ડિમોલિશન નોટિસ આપવામાં આવી હતી. સરકારની આ રજૂઆત અંગે કોર્ટે કહ્યું કે ઓફિસરોને તેની ખબર હતી.

રાજકોટના કાલાવડ રોડ પર સયાજી હોટલ પાસે TRP ગેમ ઝોનમાં ૨૫ મેને શનિવારે સાંજે સાડાપાંચ વાગ્યા આસપાસ ભીષણ આગ લાગી હતી. ઘટનાની જાણ થતાં ફાયરબ્રિગેડની ટીમો અને તાલુકા પોલીસ સ્ટેશનની ટીમો દોડી ગઈ હતી. ફાયરબ્રિગેડની ટીમોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. બાદમાં અંદર સર્ચ કરતાં એક પછી એક એમ ૨૮ મૃતદેહ મળ્યા હતા. માત્ર ૫૫ મિનિટમાં જ ૨૪ મૃતદેહ સિવિલ હોસ્પિટલ પહોંચ્યા (જુઓ.પાનું.૫)

### ગુજરાત સહિતના રાજયો માટે હવામાન વિભાગની આગાહી

# ૨૬ રાજયોમાં બે દિવસ વરસાદની ચેતવણી



નવી દિલ્હી, તા.૪

ચોમાસાએ પોતાના નિશ્ચિત સમયથી પહેલા એટલે કે બે જુલાઈથી જ પુરા દેશને કવર કરી લીધો છે. દેશના મોટાભાગના રાજયોમાં જોરદાર વરસાદ પડી રહ્યો છે. પુર્વોતરના ભાગમાં હાલત વધુ ખરાબ છે. મણીપુર અને આસામમાં વરસાદ અને પુરની સ્થિતિ બની ગઈ છે.

મણિપુરમાં સ્કુલ-કોલેજ ગુરૂવાર સુધી બંધ કરી દેવામાં આવ્યા છે. જયારે નાગાલેન્ડમાં વીતેલા કેટલાક દિવસોમાં વરસાદ સંબંધી ઘટનાઓથી લગભગ પાંચ લોકોના મોત થયા છે.

આ રાજયોમાં ભારે વરસાદની આગાહીઃ હવામાન વિભાગે પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, ઉતરાખંડ, ગુજરાત, બિહાર, પશ્ચિમ બંગાળ, સિકકીમ, ઉતરપ્રદેશ, મહારાષ્ટ્ર, ગોવા વગેરે રાજયોમાં અતિ ભારે અને ૯ રાજયો-હિમાચલ પ્રદેશ, ઉતરપ્રદેશ, મધ્યપ્રદેશ, કર્ણાટક, ગોવા વગેરે રાજયોમાં ભારે વરસાદની આગાહી કરી છે. ગુજરાત ઉપરાંત સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ આગામી ૨૪ કલાકમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ત્રણ દિવસમાં દેશમાં ઉતર-પશ્ચિમ અને મધ્ય ભાગોમાં વિજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસી શકે છે.

### લાન્સેટ પ્લેનેટરી હેલ્થમાં ચોંકાવનારો ખુલાસો

# વાયુ પ્રદુષણથી દેશમાં દર વર્ષે ૩૩૦૦૦ લોકોના અકાળે મોત

### પ્રદુષણ મામલે દિલ્હીની ખૂબ જ ખરાબ હાલત



નવી દિલ્હી,તા.૪

વાયુ પ્રદુષણના કારણે દેશના દસ શહેરોમાં દર વર્ષે ૩૩ હજાર લોકોના મોત થાય છે. અનેક લોકો બીમાર પડતા હોય છે. દિલ્હીમાં આ મામલે સૌથી ખરાબ હાલત છે. રિપોર્ટ અનુસાર ભારતમાં ચોખ્ખી હવાના ધોરણ, આંતરરાષ્ટ્રીય સ્તર પર ચોખ્ખી હવાના ધોરણોથી અગાઉથી જ વધુ છે.

પરંતુ અનેક શહેરોમાં નિશ્ચિત ધોરણોથી પણ અનેકગણુ પ્રદુષણ સમસ્યા બની ચૂકયું છે, જેને લઈને અનેક લોકો બીમારીના શિકાર થઈ રહ્યા છે. દેશમાં વાયુ પ્રદુષણ એક મોટી સમસ્યા છે પણ હવે તાજેતરના અધ્યયનમાં બહાર આવ્યું છે કે તેનાથી આપણા બધાનું ચિંતીત થવું સ્વાભાવિક છે.

ખરેખર તો અધ્યયનમાં દાવો કરાયો છે કે દેશના ૧૦ શહેરોમાં દર વર્ષે ૩૩ હજાર લોકોના વાયુ પ્રદુષણથી મોત થાય છે. આ અધ્યયન લાન્સેટ પ્લેનેટરી હેલ્થમાં છપાયું છે.

# પ્રભાસ પાટણના દરિયાકાંઠેથી ૭૨ લાખનું ચરસ પકડાયું

### મરીન પોલીસ મથક સામેથી બિનવારસી જથ્થો મળ્યોઃ ૧૪૫૪ ગ્રામ માલ જપ્ત



વેરાવળ, તા.૪

પ્રભાસ પાટણ દરિયા કિનારે થી રૂપ ૭૨, ૭૦, ૦૦૦ નાં ગેર ગેરકાયદેસર માદક પદાર્થ ચરસનો જથ્થો ગીર સોમનાથ એસ. ઓ. જી. દ્વારા પકડી પડેલ છે. પોલીસ મહાનિર્દેશક નિલેશ જાજડ્યા, ગીર સિમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા દ્વારા ગાંજા, ચરસની બદી સદંતર નાબૂદ કરવા માટે ""no drugs in gir-somnath"" ને સફળ બનાવવા નાર્કોટિક્સની બદીને સંપૂર્ણ નેસ્ત નાબૂદ કરવા અને એન.ડી.પી. એસ. નાં કેસો શોધી કાઢવા સૂચના મળેલ.

તે અનુંસંધાને ગીર સોમનાથ એસ.ઓ.જી. પો. ઈન્સ. જે. એન. ગઢવી, પો. સબ ઈન્સ. પી. જે. બાટવાનાં માર્ગદર્શન મુજબ એસ. ઓ. જી. શાખાનાં પોલીસ અધિકારી તથા પોલીસ સ્ટાફનાં માણસો સોમનાથ મંદિર દરિયા કિનારાનાં વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન એ.એસ.આઈ. દેવદાનભાઈ કુંભરવાડિયાની બાતમી નાં આધારે સોમનાથ મરીન પોલીસ સ્ટેશન સામે દરિયા કિનારે થી બિન વારસુ ચરસનું પેકેટ શોધી કાઢી પ્રભાસ પાટણ. પોલીસ સ્ટેશનમાં એન. ડી . પી. એસ. એક્ટ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરેલ છે.

કબ્જે કરેલ માદક પદાર્થ ચરસ વજન ૧૪૫૪ ગ્રામ (૧ કિલો ૪૫૪ ગ્રામ ) કિંમત રૂપિયા ૭૨,૭૦,૦૦૦ કબ્જે કરેલ છે. આ કામગીરી માં એસ. ઓ. જી. પો. ઈન્સ. જે. એન. ગઢવી, એસ.ઓ.જી. (જુઓ.પાનું.૫)

# અડવાણી હોસ્પિટલમાં દાખલ

### દિલ્હીની એપોલો હોસ્પિટલમાં તબીબોના નિરીક્ષણ હેઠળ, તબિયત સ્થિર

ન્યુ દિલ્હી, તા.૪

દેશના પૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણીને ૭ દિવસમાં બીજી વખત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સ્વાસ્થ્યમાં થોડી સમસ્યા અનુભવવાને કારણે તેમને બુધવારે રાત્રે ૯ વાગ્યે દિલ્હીની અપોલો હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. હાલમાં તેઓ ડો. વિનીત સૂરીના નિરીક્ષણ હેઠળ છે. તેમની તબિયત સ્થિર છે.

આ પહેલા ૨૬ જૂને પણ તેમને દિલ્હીની AIIMS હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ સમયગાળા દરમિયાન, તેમને યુરોલોજી વિભાગના ડોકટરોના નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા હતા. તબીબોએ જણાવ્યું હતું કે અડવાણીજીનું નાનું ઓપરેશન થયું છે. આ પછી બીજા દિવસે તેને રજા આપવામાં આવી હતી.

૩૧ માર્ચે લાલકૃષ્ણ અડવાણીને દેશનું સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્ન આપવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ તેમના ઘરની મુલાકાત લીધી અને તેમને ભારત રત્નથી સન્માનિત કર્યા. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર, ગૃહમંત્રી અમિત શાહ અને પૂર્વ ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુ પણ હાજર હતા.

# ત્રીજા દિવસે શેરબજાર ઓલટાઈમ હાઈઃ સેન્સેક્સ ૮૦,૩૩૧

### નિફ્ટી ૨૪,૩૭૨ના સ્તરને સ્પર્શ્યો




મુંબઈ, તા.૪

શેરબજારે આજે સતત ત્રીજા દિવસે ઓલટાઈમ હાઈ બનાવ્યું છે. ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સ ૮૦,૩૩૧ના સ્તરને સ્પર્શ્યો હતો અને નિફ્ટી ૨૪,૩૭૨ના સ્તરને સ્પર્શ્યો હતો. હાલમાં સેન્સેક્સ ૨૦૦થી વધુ પોઈન્ટના ઉછાળા સાથે ૮૦,૨૦૦ના સ્તરે ટ્રેડ કરી રહ્યો છે.

નિફ્ટીમાં પણ ૫૦ પોઈન્ટથી વધુનો ઉછાળો જોવા મળી રહ્યો છે. તે ૨૪,૩૫૦ના સ્તર પર કારોબાર કરી રહ્યો છે. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૪ વધી રહ્યા છે અને ૬ ઘટી રહ્યા છે. આઈટી, બેન્કિંગ અને પાવર શેર્સમાં વધુ તેજી છે.

એશિયન બજારોમાં ગ્રોથ જોવા મળી રહ્યો છે. જાપાનનો નિક્કેઈ ૦.૨૧% ઉપર છે. તાઈવાન વેઈટેડ ૧.૩૩% અને કોરિયાનો કોસ્પી ૦.૫૯% ઉપર છે. હેંગસેંગ ૦.૪૩% વધીને કારોબાર કરી રહ્યો છે. જોકે, શાંઘાઈ કમ્પોઝિટમાં ૦.૧૬%નો ઘટાડો જોવા મળી રહ્યો છે.

બુધવારે અમેરિકન માર્કેટમાં તેજી રહી હતી. ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રીયલ એવરેજ ૨૩.૮૫ (૦.૦૬%) પોઈન્ટ વધીને ૩૯,૩૦૮ થઈ. NASDAQ ૧૫૯.૫૪ (૦.૮૮%) પોઈન્ટના વધારા સાથે ૧૮,૧૮૮ના સ્તરે બંધ રહ્યો હતો. SP ૫૦૦ ઈન્ડેક્સ ૨૮.૦૧ (૦.૫૧%) પોઈન્ટ વધીને ૫,૫૩૭ પર બંધ થયો હતો.

NSE પર ઉપલબ્ધ કામચલાઉ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FIIs)એ બુધવારે એટલે કે ૩ જુલાઈના રોજ રૂ. ૫૪૮૩ કરોડના શેર ખરીદ્યા હતા. આ સમયગાળા દરમિયાન ડોમેસ્ટિક ઈન્સ્ટિટ્યુશનલ ઈન્વેસ્ટર્સ (DII)એ રૂ. ૯૨૪ કરોડના શેરનું વેચાણ કર્યું હતું.

ગઈકાલે એટલે કે ૩જી જુલાઈએ સેન્સેક્સ પહેલીવાર ૮૦ હજારને પાર કરી ગયો હતો. સેન્સેક્સને ૭૦ હજારથી ૮૦ હજાર સુધી પહોંચવામાં ૭ મહિના લાગ્યા. ૧૧ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ (જુઓ.પાનું.૫)

# ૨૪ કલાકમાં ૧૧૦ તાલુકામાં મેઘમહેર

### મહેસાણાના કડીમાં સાડા પાંચ ઈંચ વરસાદઃ ઈડરમાં સાડા ત્રણ ઈંચ, હાંસોટમાં ૨ ઈંચ



અમદાવાદ, તા.૪

ગુજરાત રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૧૦ તાલુકામાં વરસાદ આવ્યો છે. જેમાં મહેસાણાના કડીમાં સાડા પાંચ ઈંચ વરસાદ આવ્યો છે. તેમાં ઈડરમાં સાડા ત્રણ ઈંચ, હાંસોટમાં ૨ ઈંચ તેમજ નેત્રંગમાં ૨ ઈંચ, જોટાણામાં પોણા ૨ ઈંચ, પ્રાંતિજમાં પોણા ૨ ઈંચ વરસાદ આવ્યો છે. તથા ભિલોડા અને વિજાપુરમાં દોઢ ઈંચ વરસાદ આવ્યો છે.

માણસા અને હિંમતનગરમાં દોઢ ઈંચ તથા પાલનપુર અને દેત્રોજમાં ૧ ઈંચ વરસાદ આવ્યો છે. જેમાં સૌથી વધુ મહેસાણા જિલ્લાના કડીમાં સાડા પાંચ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. આ ઉપરાંત સાબરકાંઠા પંથકમાં પણ ધોધમાર વરસાદ આવ્યો છે. હિંમતનગર અને આસપાસના વિસ્તારોમાં ધોધમાર વરસાદ ખાબક્યો હતો. કાંકણોલ, બેરણા, આગીયોલ સહિતના ગામોમાં વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદથી રસ્તાઓ પર પાણી ફળી વળ્યાં હતા. સાબરકાંઠાના ઈડરમાં ૪ ઈંચ જેટલો (જુઓ.પાનું.૫)

# ટીમ ઈન્ડિયાએ વડાપ્રધાન મોદી સાથે મુલાકાત કરી

### સાંજે ૫ વાગ્યે મુંબઈના નરીમાન પોઈન્ટથી વિક્ટ્રી પરેડઃ ઓપન રૂફ બસ તૈયાર; પોલીસે રૂટ ડાયવર્ટ કર્યો

નવી દિલ્હીઃ T-20 વર્લ્ડ કપ જીતીને પરત ફરેલી ટીમ ઈન્ડિયાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી છે. પીએમ ટીમના ખેલાડીઓને લગભગ બે કલાક સુધી મળ્યા હતા. ટીમ ૧૦:૪૬ વાગ્યે નિવાસસ્થાને પહોંચી હતી.

હાલ ટીમ ઈન્ડિયા ITC મૌર્યા હોટલમાં છે, જ્યાં તેમના માટે સ્પેશિયલ બ્રેકફાસ્ટ તૈયાર કરવામાં આવ્યો છે. જેને સ્પેશિયલ વેન્યુ પર સર્વ કરવામાં આવશે. ખેલાડીઓની પસંદની સાથે-સાથે તેમની હેલ્થનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે. તેમાં છોલે ભટૂરે, મિલેટ્સમાંથી બનેલા પકવાન, ચોકલેટ્સ (જુઓ.પાનું.૫)









# રાજકોટમાં અષાઢી બીજે ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળશે : તૈયારીઓ સંપન્ન



શ્રી જગન્નાથ ભગવાન મંદીર, કૈલાસધામ આશ્રમ-નાનામૌવાના પૂ.ત્યાગી મનમોહનદાસજી, પૂ.રાઘવદાસજી,પૂ.બલરામદાસજી,રાજુભાઇ જુંજા,બ્રિજેશભાઇ પાંડે, ઉપેન્દ્રસિંહ જાડેજા,અજયસિંહ ઝાલા, સુધીરભાઇ પોપટ સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલયની મુલાકાતે આવેલા.તે તસવીરમાં નજરે પડે છે.

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૦૪

રાજકોટમાં છેલ્લા ૧૭ વર્ષથી અષાઢી બીજે ભગવાન જગન્નાથજીની રથયાત્રા ભવ્યથી ભવ્ય રીતે નીકળે છે. વર્ષમાં એકવાર ભગવાન જગન્નાથજી નગર ચર્યાએ નીકળે ત્યારે નગરજનો બધા કામ પડતાં મૂકી દર્શન માટે ઉમટી પડે છે. આ વર્ષે રવિવારે સવારે ૮:૩૦ વાગ્યે જગન્નાથ મંદિરેથી રથયાત્રાનો પ્રારંભ થશે, રથની પહિંદ વિધિ રાજકોટના રાજવી ઠાકોર માધાતાસિંહ જાડેજાના હસ્તે કરવામાં આવશે. રથયાત્રામાં આ વર્ષે રાસમંડલી, અઘોરી મંડળી અને ઉજ્જૈન ના સૌથી ઉંચા હનુમાનજી આકર્ષણનું કેન્દ્ર બનશે. જે રથયાત્રાના રૂટ ઉપર અલગ અલગ ચોકમાં પોતાની કલા પ્રદર્શિત કરી નગરજનોને મનોરંજન પીરસશે,રથયાત્રા સવારે ૮:૩૦ વાગે નિજ મંદિરેથી નીકળી ૨૧ કિ.મિ. રૂટ ઉપર ફરી સાંજે ૭ વાગે મંદિરે પરત ફરશે.તા. ૫/૭/૨૦૨૪, શુક્રવારે સવારે ૧૦ થી ૧૨ નેત્રોત્સવ, અને ધ્વજારોહણ કાર્યક્રમ યોજાશે, સાંજે ૫ વાગે મામેરાવિધિ ધામધૂમથી યોજાશે, આ વખતનું મામેરૂ સ્વ.અભયભાઈ ભારદ્વાજ તથા નીતિનભાઈ ભારદ્વાજ પરિવાર તરફથી રાખવામાં આવશે.મામેરાવિધિ બાદ સાંજે ૭ વાગે મહાપ્રસાદનું પણ આયોજન રાખેલ છે. રથયાત્રાના મુખ્ય યજમાન નાનામવા ગામ તેમજ નેત્રોત્સવ યજમાન આનંદ રામાધીનસિંહ, ઓમ પ્રકાશ રામાધીનસિંહ, સુબેસીંગ શર્મા, કૌશિકભાઈ સરધારા, ધજા રોહનના યજમાન યોગીનભાઈ છનિયારા, વાઘાનાં યજમાન બાબુભાઈ સાંગાણી, ખુશાલભાઈ સાંગાણી, ફૂલહાર સુશોભનના યજમાન સ્વ.મઘીબેન નોંધાભાઈ જુંજા વિશિષ્ટ પૂજાના યજમાન હરદેવસિંહ જાડેજા, રથ પૂજનના યજમાન બ્રિજેશભાઈ પાંડે, ભીખુભાઇ સોખાતર, અરવિંદભાઈ વેકરીયા, કૃણાલભાઈ નોંધણવદરા, છપ્પનભોગના યજમાન વિજયભાઈ ગર્ગ, ભંડારના યજમાન વિજયભાઈ વસોયા, વારવાભાઇ ટારીયા, વિજયભાઈ વાંક, બાળકદાસ દેવમુરારી, વસ્ત્રદાનના યજમાન હરિશ્ચન્દ્રસિંહ જાડેજા, હરપાલસિંહ જાડેજા, ઈશ્વરસિંગ શર્મા, મંડપ સુશોભન પ્રદીપસિંહ જાડેજા આશીર્વાદ મંડપ સર્વિસ, લાઈટ ડેકોરેશનના યજમાન જય જગન્નાથ લાઈટ ડેકોરેશન વગેરે છે. તા. ૬/૭ને શનિવારે નિજ મંદિરમાં ભગવાન જગન્નાથજી, બહેન શુભદ્રાજી, ભાઈ બલભદ્રજીના રથનું પૂજન કરાશે, ત્યારબાદ સાંજે મહા આરતી યોજાશે. તા. ૭/૭ને રવિવારે સવારે ૬ વાગે ભગવાનના આંખેથી પાટા છોડવામાં આવશે, ભગવાનને ભોગ ધરાવ્યા બાદ મહા આરતી યોજાશે, ત્યારબાદ જય જગન્નાથજીના નાદ સાથે ત્રણેય મૂર્તિને રથમાં પધરાવવામાં આવશે.ત્યારબાદ મહાનુભાવોના અને સંતોના હસ્તે રથ ખેંચીને રથનું પ્રસ્થાન થશે.તેમ જગન્નાથ મંદિરના મહંત ત્યાગી મનમોહનદાસજી ગુરુ રામકિશોરદાસજીની યાદીમાં જણાવાયું છે

# જુગાર રમતી ૧૦ મહિલા ઝડપાઈ

## પોલીસે રૂ.૧૦ હજાર કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી



રાજકોટ તા.૪

જેતપુરના બળદેવધારમાં જુગાર રમતી ૧૦ મહિલા ઝડપાઈ હતી.પોલીસે રૂ.૧૦ હજાર કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી વિગત અનુસાર જેતપુર ઉદ્યોગનગર પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતાં ત્યારે બાતમીનાં આધારે દરોડો પાડી જેતપુરના નવાગઢ બળદેવધારમાં ઈભુભાઈ ચકી પાસે જાહેરમાં જુગાર રમતી વસંતબેન વિઠ્ઠલભાઈ ચૌહાણ (ઉ.વ.૬૦), ધર્મીષ્ઠાબેન ઉર્ફે ધમી મગનભાઈ સોલંકી (ઉ.વ.૫૦), ગીતાબેન જેન્તીભાઈ પરમાર (ઉ.વ.૫૦), ઢેલીબેન રાણાભાઈ ઓડેદરા (ઉ.વ.૬૦), રેખાબેન સમજુભાઈ પરમાર (ઉ.વ.૫૫), હંસાબેન નરસીગીરી મેઘનાથી (ઉ.વ.૫૩), શાંતાબેન કેશુભાઈ ભડેલીયા (ઉ.વ.૬૦), મધુબેન રમેશભાઈ ભાખોતરા (ઉ.વ.૫૫), જશીબેન હીરાભાઇ સોલંકી (ઉ.વ.૬૦) કાળીબેન બાબુભાઇ ચૌહાણ (ઉ.વ.૩૫) (રહે તમામ બળદેવધાર, નવાગઢ, જેતપુર) ને પકડી પાડી રોકડ રૂ.૧૦,૩૩૦ કબ્જે કર્યા હતા.આ કામગીરીમાં હેડ કોન્સ્ટેબલ રીઝવાનભાઈ સિંજાત,હિતેષભાઈ વરૂ, એ.એસ.આઈ. સંજયભાઇ પરમાર, માલુ બેન મકવાણા, કોન્સ્ટેબલ ચેતનભાઈ ઠાકોર,મીલભાઈ ચંદ્રવાડીયા રોકાયેલ હતાં.

# ઘરમાં ઘુસી યુવાન પર હુમલો કરી લૂંટ

## યુવાનને લોહીલુહાણ હાલતમાં સારવારમાં ખસેડાયો : ત્રણ શખ્સોને પકડવા પોલીસની દોડધામ



રાજકોટ. તા.૦૪

મેટોડામાં ખાનગી કંપનીમાં મેનેજરના મકાનમાં ચોરીના ઈરાદે ઘરમાં ઘુસી તેમની પર હુમલો કરી રૂ.૧૬ હજારની મતા લૂંટી પથ્થરમારો કર્યો હતો. બનાવ અંગે મેટોડા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાયા બાદ એલસીબી, એસઓજી સહિતની ટીમોએ આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

બનાવ અંગે મેટોડામાં જ્યોતિ સીએનસી સામે આસ્થા વિલેજ સોસાયટીમાં રહેતાં જયેશભાઇ ઉકાભાઇ ડોડીયા (ઉ.વ.૩૨) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ મેટોડા જી.આઈ.ડી.સી. ગેઈટ નં.૧ માં પટેલ બ્રાસ નામની કંપનીમાં આસીસ્ટન્ટ મેનેજર તરીકે નોકરી કરે છે.

ગઈ તા.૦૨/૦૭/૨૦૨૪ ના રાત્રીના તેઓ સુઇ ગયેલ હતા અને ઘરના હોલનો દરવાજો બંધ હતો તથા રૂમનો દરવાજો ખુલ્લો હતો ત્યારે ગઈકાલે વહેલી સવારના ચાર વાગ્યા દરમ્યાન ઘરના રસોડાની કાચની બારી લોખંડના સળીયા વડે કાપી ત્રણથી ચાર શખ્સો ઘરમાં પ્રવેશ કરી રૂમમાં રાખેલ લોખંડનો કબાટ ખોલવાનો પ્રયાસ કરતા અવાજ આવતા પત્નિ જાગી ગયેલ.

તેણે ચોર ચોર બુમો પાડતા તેમની ઉંઘ ઉડી ગયેલ અને જોયેલ તો એક માણસ ઘરના કબાટ પાસે હાથમાં ટોર્ચ રાખી ઉભો હતો અને બુમો પાડતા બીજા ત્રણ શખ્સો તેની પાસે આવી મારી ઝપાઝપી કરવા લાગેલ અને લોખંડનો સળીયો મારી દિધેલ હતો.

બાદમાં આરોપીઓ રૂમમાંથી બહાર નીકળી પાછળના દરવાજેથી બહાર નીકળી ગયેલ અને બુમો પાડવા લાગતા આજુ બાજુમાં રહેતા લોકો જાગી ગયેલ અને બધા ભેગા થવા લાગતા લુંટ કરવા આવેલ શખ્સો પથ્થરો ફેકવા લાગેલ અને ઘરની બાજુએ આવેલ ગાર્ડનની દિવાલ કુદીને ભાગી ગયેલ અને ઘરમાં જોયેલ તો મોબાઈલ ફોન રૂ.૧૫ હજાર અને કબાટમાં તેની પત્નિએ રાખેલ રૂ. એક હજાર રૂ.૧ હજારની લૂંટ ચલાવી નાસી છૂટ્યા હતાં. બાદમાં તેઓને લોહીલુહાણ હાલતમાં સારવારમાં ખસેડાયા હતાં. બનાવ અંગેની ફરીયાદ પરથી મેટોડા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# રાજકોટમાં ભાડે આપવાના બહાને કાર પડાવી લેવાનું કૌભાંડ



રાજકોટ. તા.૦૪

રાજકોટમાં ભાડે આપવાના બહાને રૈયારોડ પર આવેલ કનૈયા કેબ નામની ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલક શ્લોક શુકલા બંધુ અને અમિત ત્રિવેદીની ત્રિપુટીએ અનેક લોકોની કરોડો રૂપિયાની કાર પડાવી ગીરવે મૂકી રૂપીયા પડાવી લેવાનો બનાવ સામે આવ્યો હતો. જયારે રૈયાગામમાં રહેતાં યુવાનને પણ પોતાની કાર આપી ઊંચું ભાડું કમાવવાની લાલચ આપી એક કરોડથી વધુની કાર ગીરવે મૂકી પડાવી છેતરપિંડી આચરતાં યુનિવર્સિટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે રાજકોટમાં રૈયાગામ ચાંદની મંડપ સર્વીસની બાજુમાં રહેતાં જાવીદશા ઈસ્માઈલશા શાહમદાર (ઉ.વ.૩૫) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે શ્લોક મોનલ શુકલા, હર્ષિલ મોનલ શુકલા અને અમીત મધુકર ત્રિવેદીનું નામ આપતાં યુનિવર્સિટી પોલીસે છેતરપિંડીની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, એક વર્ષ પહેલા તે રૈયારોડ ઉપર આવેલ ખોડીયાર હોટલ બેસવા જતો ત્યારે નાગેશ્વર સોસાયટીમાં રહેતાં શ્લોક શુક્લા સાથે ઓળખાણ થયેલી અને ત્યારથી તે બંને સાથે મળીને સિરામીક કપનો ધંધો કરતાં હતાં.

ત્યારબાદ શ્લોકએ પોતાના નામે એક કનૈયા કેબ નામની ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ નામની એજન્સી ચાલુ કરેલી હતી. તેની પાસે એક અર્ટીગા ગાડી હતી. જે ભાડામાં ચલાવતો હતો, ત્યારબાદ તેણે વાત કરેલ કે, તમો ગાડી છોડાવો અને મને આપો હું તમને મહીને રૂ.૩૨ હજાર અપીશ, તેમ વાત કરતાં ફરિયાદીએ પોતાની કાર મૂકેલી હતી. આશરે ૫ મહીના તેની પાસે ચલાવેલી.

ત્યારબાદ તે ગાડી પાછી લઇ લીધેલી હતી. દરમ્યાન આરોપી શ્લોક વિશ્વાસ આવતાં તેણે કહેલ તમે તમારા સગા સંબંધી કે મિત્રો પાસે જો આવી ગાડીઓ હોય તો આપણે તેને મહીને રૂ.૩૨ હજાર આપીશુ અને ડ્રાઈવર તથા ડીઝલનો ખર્ચ તે ભોગવશે તેવી વાત કરેલી જેથી ફરિયાદીએ સંબંધીને તથા સગાને વાત કરેલી અને તેમની પાસેની અલગ અલગ કંપનીની ગાડીઓ શ્લોકને તેની રૈયારોડ પર હરી એમ્પાયરમાં આવેલ ઓફિસમાં ગાડીઓના ભાડા કરાર કરેલા અને ગાડીઓ ખોડીયાર હોટેલ સામેથી તેમને સોંપેલ હતી.

જેમાં ૬ કાર પોતાની અને અન્ય કાર તેમના મિત્ર મનીષ પંડ્યાની હતી. જે બાદ મનીષ પંડ્યા તેમને મળેલા ત્યારે કહેલ કે, આ શ્લોકએ છેલ્લા બે મહીનાથી ગાડીનું ભાડુ ચૂકવેલ ન હોય અને જેથી તેમની પાસે ગાડીઓ પરત માંગવા જતા તેણે કહેલ મારે પૈસાની જરૂર હોય જેથી આ બધી ગાડીઓ અલગ અલગ જગ્યાએ ગીરવે તથા વેચી દીધેલ હોવાનુ જણાવ્યું હતું. ત્યારબાદ તેઓ શ્લોકને લઈ પોલીસ સ્ટેશન જતાં હતાં.

ત્યારે રસ્તામાંથી તે ક્યાંક જતો રહેલો હતો અને તેના મકાને તપાસ કરતાં તેના માતા પિતાએ જણાવેલ કે, તેનો દીકરો શ્લોક આ સિવાય અન્ય પણ ગાડીવાળાઓની ગાડીઓ ભાડે રાખી જે ગાડીઓને બારોબાર અન્ય ગ્રાહકોને વેચી તેમની પાસેથી પૈસા લઈ લીધેલ અને જતો રહેલ છે અને જે ગાડીઓ ગીરવે મૂકેલ છે તેનુ લીસ્ટ આપેલ હતું.

ગાડીઓની તપાસ કરતો હતો ત્યારે શ્લોકનો ડ્રાઈવર કૃણાલભાઈ મારુ તેમને મળેલ અને તેણે કહેલ કે, આ શ્લોક તથા અમીત ત્રિવેદી અને શ્લોકનો ભાઇ હર્ષિલ ગાડીઓના સોદા કરી કૃણાલને આ ગાડીઓ મૂકવા જવા માટે મોકલતા હતા. કુણાલને આ બાબતની કોઇ જાણ ન હોવાથી તે ગાડી મુકવા જતો હોવાની વાત કરેલ હતી. તેમજ અન્ય લોકોની કાર પણ ત્રિપુટીએ પડાવી ગીરવે મૂકી દિધી હોવાનું સામે આવ્યાં હતાં.

જેથી તેઓ તેમજ તેમના સગા સબંધીઓ પાસેથી લીધેલ કુલ રૂ.૧.૦૯ કરોડની ૧૩ કાર પડાવી લઈ છેતરપિંડી આચરતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# રાજકોટ વિદ્યુતીકરણના કામને કારણે ઓખા-વારાણસી અને ઓખા-ગુવાહાટી ટ્રેનો રીશેડ્યુલ કરાઇ



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૦૪

રાજકોટ ડિવિઝનમાં આવેલા રાજકોટ-ખંડેરી-પડધરી સેક્શનમાં વિદ્યુતિકરણ કામગીરી ના લીધે બે ટ્રેનો ને રિશિડ્યુલ કરવામાં આવી છે. રીશેડ્યુલ કરેલ ટ્રેનોઃ'' ટ્રેન નંબર ૨૨૯૬૯ ઓખા-વારાણસી એક્સપ્રેસ ને ૦૪.૦૭.૨૦૨૪ ના રોજ ઓખા થી ૧ કલાક ૪૦ મિનિટ મોડી એટલે કે ૧૫.૪૫ કલાકે ઉપડવા માટે રીશેડ્યુલ કરવામાં આવી છે.''ટ્રેન નંબર ૧૫૬૩૫ ઓખા-ગુવાહાટી એક્સપ્રેસને ૦૫.૦૭.૨૦૨૪ ના રોજ ઓખા થી ૨ કલાક મોડી એટલે કે ૧૪.૧૫ કલાકે ઉપડવા માટે રીશેડ્યુલ કરવામાં આવી છે.રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરી શરૂ કરે અને ટ્રેન ના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે **www.enquiry.indian-rail.gov.in** ની મુલાકાત લે જેથી કરીને કોઈ અસુવિધા ન થાય.તેમ જણાવ્યુ છે.

# શહેરના ત્રણેય ઝોનમાં ૯.૦૩ કીલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત





(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૦૪

મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે ત્રણેય ઝોન વિસ્તારઅલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં ત્રણેય ઝોનમાંથી કુલ ૭૫ આસામીઓ પાસેથી ૯.૦૩ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૭૦૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૯ આસામીઓ પાસેથી ૦.૬૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૫૩૫૦નોવહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૮ આસામીઓ પાસેથી ૬.૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૧૧૨૦૦નોવહીવટી ચાર્જ વસુલવ-ામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પરઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૮ આસામીઓ પાસેથી ૧.૮૮ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીકજપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૧૦૪૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપ્નિલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસર હાજરીમાં સેનેટરી ઈન્સ્પેકટર/ સેનેટરી સબ ઈન્સ્પેકટર દ્વારા કરવામાં આવેલ.તેમ જણાવ્યુ છે.

# ડોકટરો વગર આરોગ્ય મંદિર જ શું કામનુ ? : વશરામ સાગઠીયા



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૦૪

વોર્ડ નં.૧૫ ના કોંગ્રેસના કોર્પોરેટર વશરામ સાગઠીયાએ જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા સંચાલીત 'આયુષ્માન આરોગ્ય મંદિર' કે જેની સંખ્યા ૪૬ છે. પરંતુ રાઈટ ટુ ઈન્ફોર્મેશનમાં મળેલી માહિતી મુજબ આ આરોગ્ય મંદિરોમાં ૪૬ માંથી ૨૩ જગ્યાઓએ આરોગ્ય અધિકારી એટલે કે ડોકટરો જ નથી. તો આરોગ્ય મંદિર જ શું કામનુ ! તેવી જ રીતે આ આરોગ્ય મંદિરમાં સ્ટાફનર્સ જેની સંખ્યા ૪૬ હોવી જોઈને તેમાં પણ ૨૧ જગ્યાઓ ખાલી છે તો લોકોને સારવાર કયાંથી મળે? તેવી જ રીતે એમપીએસ ડબલ્યુની પણ ૭ જગ્યાઓ ખાલી છે જો રાજય સરકાર આપણ કે એટલે રાજકોટ મહાનગરપાલિકાને પુરતી ગ્રાન્ટ ફાળવતી હોય તો શા માટે કોર્પોરેશન આ ભરતી કરતી નથી? શા માટે લોકોની મશ્કરી (મજાક) કરે છે.

હાલ ચોમાસાની રૂતુ છે ચારેય તરફ મચ્છરોનો ત્રાસ છે તાવ-શરદી-ઉધરસ તેમજ નાના મોટી પેટની બિમારીના કેશો સિવિલ હોસ્પિટલે ખુબજ નોંધાયા છે. આજી નદીમાં મોટા મોટા બાવળો ઉભા છે જેની અગાઉ અમો ત્રણેય કોર્પોરેટરો વશરામભાઈ સાગઠીયા, મકબુલભાઈ દાઉદાણી તેમજ કોમલબેન ભારાઈએ કરી હતી જેનો હજુ સુધી નિકાલ થયેલ નથી તો ભવિષ્યમાં સામે કાઠાનો વોર્ડના લોકોની સ્થીતી ખરાબ થશે તેમા પણ આરોગ્ય વિભાગની મોટી જવાબદારી બનશે અમારી માંગણી છે કે જલ્દી નવી ભરતી થવી જોઈએ અને રાજકોટના લોકોને આરોગ્યની સુવિધા મળવી જોઈએ.

# કોઠારીયાના મંદીરમાં ત્રિશુલથી ૮ દાનપેટીઓ તોડી રોકડની ચોરી

## પૂજારી મેઘાણીનગરના લાભુભારથી ગોસ્વામીએ જાણ કરતાં ભક્તિનગર પોલીસે ગુનો નોંધી તપાસ આદરી







(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)
રાજકોટ તા.૦૪

શહેરના કોઠારીયા રોડ પર ગોવિંદનગરમાં આવેલા શાંતેશ્વર મહાદેવ મંદિરમાં ત્રાટકી એક તસ્કર ત્રિશુલ ભાંગી તેનાથી ૮ દાનપેટી તોડી વીસેક હજારની રોકડ ચોરી જતાં ધર્મપ્રેમીઓમાં કચવાટ ફેલાઇ ગયો છે.

જાણવા મળ્યા મુજબ કોઠારીયા રોડ ગોવિંદનગર-૬માં આવેલા શાંતેશ્વર મહાદેવ મંદિરમાં ચોરી થતાં આ અંગે મંદિરમાં સેવાપૂજા કરતાં લાભુ-ભારથી દયાળભારથી ગોસ્વામી (ઉ.વ.૬૫-રહે. મેઘાણીનગર-૧નો ખુણો, કોઠારીયા રોડ)એ પોલીસને જાણ કરતાં ભક્તિનગર પોલીસે તેમની ફરિયાદ પરથી ચોરીનો ગુનો નોંધ્યો છે.

લાભુભારથીએ જણાવ્યું હતું કે તા. ૨ના રાતે સાડા આઠેક વાગ્યે મંદિરના મુખ્ય દરવાજાને તાળુ લગાવી ઘરે ગયા હતાં. એ પછી ત્રીજી તારીખે સવારે મંદિરે આવ્યા ત્યારે ચોરી થયાની જાણ થઇ હતી. મંદિરના પ્રાંગણમાં આવેલી અલગ અલગ ૮ દાનપેટીના તાળા તોડી અંદાજીત વીસ હજારની રોકડ ચોરી જવાયાનું જણાતાં સીસીટીવી કેમેરા ચેક કરતાં એક તસ્કર રાત્રીના બે વાગ્યે મંદિરમાં વંડી ઠેંકીને આવતો અને ત્રણ વાગ્યે બહાર જતો દેખાયો હતો.

લાભુભારથીએ વધુમાં જણાવ્યું હતું કે હું પાંચેક વર્ષથી મંદિરમાં સેવાપૂજા કરુ છું. તસ્કર સીસીટીવીમાં દેખાયો છે તે રાતે અગિયારેક વાગ્યાથી મંદિર આસપાસ આટાફેરા કરતો હતો. એ પછી રાતે બે વાગ્યે વંડી ઠેંકીને મંદિર પટાંગણમાં આવ્યો હતો અને ત્રિશુલ ભાંગી તેનાથી અહિના અલગ અલગ ભગવાન પાસે રખાયેલી ૮ દાન પેટીઓ તોડી ચોરી કરી હતી. મંદિર બહાર હનુમાનજીની દેરી છે તેમાંથી પણ ચાંદીના બે છત્તર ચોરી ગયો હતો.

બે મહિના પહેલા હનુમાન જયંતિના દિવસે પણ એક દાનપેટી ચોરાઇ ગઇ હતી.

ત્યારે પણ સીસીટીવીમાં જે શખ્સ દેખાયો હતો તે આ વખતે દેખાય છે તેવો જ હતો. આ ચોરીમાં પણ અગાઉ દાનપેટી ઉઠાવી જનારો જ સામેલ હોવાની શંકા છે. ભક્તિનગર પીઆઇ મયુરધ્વજસિંહ સરવૈયાની રાહબરીમાં પીએસઆઇ એમ. એન. વસાવા અને ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.જે મંદિરમાં ચોરી થઇ છે તે ચાલીસ વર્ષ જુનુ છે. અહિ મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓની આવ જા હોય છે. મંદિરમાં ચોરીની જાણ થતાં શ્રધ્ધાળુ, ભાવિકોમાં કચવાટ ફેલાઇ ગયો હતો.

## તંત્રી લેખ

### અતીશય વરસાદ

ઉત્તર ભારતમાં જ્યારે ૪૭ ડિગ્રી સેલ્સિયસથી ઉપર તાપમાન પહોંચી ગયું છે અને હવામાન વિભાગ ગરમીના રેકોર્ડ હજુ વધુ તૂટશે તેવી જાહેરાત કરી રહ્યું છે, તે જ સમયે, ઉત્તર-પૂર્વ સિક્કિમમાં મુશળધાર વરસાદથી થયેલા ભૂસ્ખલનને કારણે લગભગ બે હજાર પ્રવાસીઓને એરલિફ્ટ કરવાનો સમય આવી પડયો છે. ભૂસ્ખલનને કારણે નેશનલ હાઈવે-૧૦ને નુકસાન થવાને કારણે બંગાળ અને સિક્કિમનો રોડ કનેક્ટિવિટી તૂટી ગઈ છે. એક તરફ અસહ્ય ગરમીને કારણે લોકો જીવ ગુમાવી રહ્યા છે, તો બીજી તરફ ભૂસ્ખલનને કારણે લોકો મૃત્યુ પામ્યા હોવાના અહેવાલો છે. વહીવટી તંત્રની પરીક્ષા એટલા માટે કે પાણી અને વીજળીનો અવિરત પુરવઠો એ તમામ રાજ્ય સરકારો સામે એક મોટો પડકાર બની ગયો છે, અને શહેરીજનોની કસોટી એ અર્થમાં કે આપણે ચોમાસાની ધીરજપૂર્વક રાહ જોઈને પર્યાવરણને વધુ ન બગાડવાના શું કોઈ પાઠ શીખ્યા છીએ? લગભગ નહીં.

સમગ્ર વિશ્વના ભૂગોળવેત્તાઓ અને ખગોળશાીઓ દાયકાઓથી ચેતવણી આપી રહ્યા છે કે પૃથ્વીનું વાતાવરણ ઝડપથી આડે પાટે ચડી રહ્યું છે. વૈજ્ઞાનિકોએ એવાં કારણો પણ સમજાવ્યાં છે શાના શાના કારણે પૃથ્વીનું વાતાવરણ બદલાઈ રહ્યું છે અને શેના કારણે ચક્રવાતી તોફાનો અને અતિશય વરસાદ અથવા દુષ્કાળની આવૃત્તિ વધી રહી છે. પરંતુ ન તો વિશ્વની રાજકીય નેતાગીરીએ આ અંગે પૂરતી ગંભીરતા દાખવી છે કે ન તો વિશેષાધિકૃત વસ્તી સંવેદનશીલ બની છે. વિકસિત દેશો કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે સતત પગલાં લઈ રહ્યા છે અને સ્થિતિ એવી છે કે માત્ર એક વર્ષ પહેલાં જ સંયુક્ત રાષ્ટ્રસંઘે કહ્યું હતું કે ૧૯૯૭ અને ૨૦૨૨ વચ્ચે માત્ર યુરોપના ગ્લેશિયર્સમાં લગભગ ૮૮૦ ક્યુબિક કિલોમીટર બરફ પીગળી ગયો છે. હવે જ્યારે કટોકટી ઘરઆંગણે છે, ત્યારે પર્યાવરણને બચાવવા માટે યુદ્ધના ધોરણે પગલાં લેવામાં આવશે તેવી હજુ પણ કોઈ નક્કર ખાતરી નથી.

જોકે ઉત્તર ભારત ચોમાસાની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યું છે. તેની ઝડપ પર નજીકથી નજર રાખી રહેલા હવામાનશાસ્ત્રીઓનું કહેવું છે કે આ મહિનાના અંતમાં ઉત્તર ભારતીય રાજ્યોમાં ચોમાસું સંપૂર્ણ રીતે સક્રિય થયા પછી જ ગરમીમાંથી રાહત મળશે. જોકે તે પહેલાં હળવા વરસાદથી રાહત મળી શકે છે. આ વર્ષે સારા ચોમાસાની આગાહી ખેડૂતો માટે સારા સમાચાર છે, ત્યારે તે ફરી એકવાર શહેરી સંસ્થાઓના પ્રેક્ટિશનરોની કસોટી કરશે. દેશ વર્ષોથી સ્માર્ટ સિટીનું સપનું જોઈ રહ્યો છે, પરંતુ કમનસીબે, આપણાં શહેરો માત્ર પાણી ભરાવા અને લાંબા ટ્રાફિક જામ માટે હેડલાઇન્સમાં રહે છે. તેવી જ રીતે, મકાન બાંધકામ વિભાગે પણ શહેરોમાં જર્જરિત ઈમારતોની ઓળખ કરવી જોઈએ અને જરૂરી સાવચેતીના પગલાં લેવા જોઈએ.

જોકે ખરાબ હવામાનથી ગરીબ લોકો સૌથી વધુ પ્રભાવિત થાય છે શનિ-રવિના દિવસે કોંક્રીટનાં શહેરી જંગલોમાંથી પહાડો તરફ ભાગી જનારાઓ માટે બહુ રાહત નથી, કારણ કે મસૂરી, દેહરાદૂન, મનાલી જેવાં સ્થળો પણ હવે તપવા લાગ્યાં છે. પ્રગતિની ઈમારતો બાંધતી વખતે આપણે કુદરત સાથેની સંવાદિતાને ખલેલ ન પહોંચાડીએ તો સારું રહેશે, તો આપણે ચોમાસાની રાહ જોવાની આવી તકલીફ વેઠવી ન પડે!આ વર્ષની ગરમીને લઈને છેલ્લા ઘણા મહિનાઓથી જે સંકટનું સ્તર અનુમાન કરવામાં આવી રહ્યું હતું તે ફળીભૂત થઈ રહ્યું છે


# રાજકોટ સ્કૂલ -કોલેજ બસોમાં અગ્નિશામક સાધનો રાખવા ફરજિયાત




રાજકોટ તા.૦૪

શહેર જિલ્લામાં હવે તમામ સ્કૂલ કોલેજ બસોમાં સીસીટીવી કેમેરા અને અગ્નિશામક સાધનો ફરજિયાત રાખવા અધિક કલેક્ટર ચેતન ગાંધી દ્વારા આદેશ કરાયો છે.રાજકોટ જિલ્લામાં વિદ્યાર્થીઓને શાળા માટે પરિવહનમાં વપરાશમાં લેવાતી બસ તેમજ વાન રીક્ષામાં માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા અધિક કલેક્ટર ચેતન ગાંધી દ્વારા તા.૯/૮ સુધી સરકારી ખાનગી સ્કૂલ કોલેજો કોચીંગ કલાસના આચાર્ય સંચાલક તેમજ સ્કૂલવાન, સ્કૂલબસ, સ્કૂલ રીક્ષા ચલાવતો માલીક ડ્રાઈવરો માટે ખાસ નિર્દેશો જાહેર કરવામાં આવેલ છે.જે અનુસાર બસના બાહ્ય ભાગમાં ડ્રાઈવરની માહિતી નામ,સરનામું, લાઇસન્સ નંબર, બેજ નંબર અને શાળાનો કે બસ માલિકનો ટેલીફોન હેલ્પલાઇન નંબર અને રજીસ્ટ્રેશન નંબર, વાહનની અંદરની અને બહારની તરફ સ્પષ્ટ દેખાય તથા વંચાય તે રીતે કોન્ટ્રાસ્ટ રંગમાં બસમાના મુસાફર અને જાહેર જનતાને બહારથી પણ સ્પષ્ટ રીતે દેખાય તેવી રીતે લખવાના રહેશે. ઉપરાંત બસની બારીઓ પર આડી પટ્ટીઓ અને જાળી, દરવાજા પર વિશ્વાસનીય લોક તેમજ બસમાં આપાતકાલીન સમયે બહાર જવા માટેનો દરવાજો રાખવાનો રહેશે. આ અંગે શાળા પ્રશાસનએ જવાબદારી સુનિશ્ચિત કરવાની રહેશે. સ્કુલ બસમાં સ્પીડ ગવર્નર લગાવવું ફરજિયાત રહેશે. દરેક સ્કૂલ બસમાં એબીસી પ્રકારના પાંચ કિલોની ક્ષમતાવાળા અને આઈએસઆઈ પ્રમાણિત કરાયેલ બે અગ્નિશામક જેમાંથી એક ડ્રાઇવર કેબીન અને બીજું આપાતકાલીન દ્વાર પાસે રાખવાનું રહેશે,તેના વપરાશ અંગે ડ્રાઇવર,કંડકટર,એટેન્ડન્ટને તાલીમ આપવાની રહેશે. બસની બેઠકો બિનદહનશીલ પદાર્થમાંથી બનાવેલી હોવી જરૂરી, જીપીએસ સિસ્ટમ અને સીસીટીવીની વ્યવસ્થા સાથે દરેક સ્કૂલ બસમાં તે ફરજિયાત કાર્યરત અવસ્થામાં રાખવાના રહેશે. સ્કુલ બસમાં એક પ્રાથમિક સારવાર પેટી, કટોકટીના સમયે ચેતવણી આપવા માટે એલાર્મ બેલ લગાવવાના રહેશે તેમજ બસમાં કાચ પર ફિલ્મ કે પડદા લગાવવા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.બસના ડ્રાઇવર પાસે અધિકૃત ડ્રાઈવિંગ લાઇસન્સ, ટેક્સ પરમીટ,પીયુસી તેમજ સ્કૂલ બસના મુસાફરોનો માન્ય વીમો રાખવાનો રહેશે. ડ્રાઇવરની શારીરિક યોગ્યતા અંગેનું પ્રમાણપત્ર મેળવવું ફરજિયાત રહેશે જે સમયાંતરે રીતે રિચેકઅપ સાથે મેળવતા રહેવાનું રહેશે. સ્કુલ વર્ધી માટે વપરાતી ઓટોરિક્ષા-વાનમાં આરટીઓ માન્ય કેપેસિટી જેટલા જ બાળકો બેસાડવાના રહેશે.આ વાહનો પર સ્કૂલ વર્ધી એમ સ્પષ્ટ દેખાય તે પ્રમાણે લખવાનું રહેશે.જેમાં પ્રાથમિક સારવારની પેટી,અગ્નિશામક સાધનો, ઉતારું કમ્પાર્ટમેન્ટની વધારાની બેઠક વ્યવસ્થા, બારીઓ પર જાળી રાખવી ફરજિયાત રહેશે. રીક્ષા-વાનમાં સીએનજી એલપીજી સિલેન્ડર પર પાટિયું રાખીને કે ડ્રાઈવરની સીટ પર બાળકોને બેસાડી શકાશે નહીં.વાહનમાં બાળકોના દફતર બહારની બાજુ લટકાવી શકાશે નહીં તેમજ ચારે તરફ લાલ રંગમાં સ્કૂલ વાન શબ્દ ચિતરાવવાનો રહેશે.તમામ સૂચનાઓની અમલવારી શાળા, કોલેજ કોચિંગ કલાસના આચાર્ય-સંચાલક તથા બસ-રિક્ષાવાળાના માલિક તથા ડ્રાઈવરોએ કરવાની રહેશે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.તેવી ચેતવણી અપાઈ છે.

# યુવા સેના ટ્રસ્ટ દ્વારા ગાય માતાને લાડુ પિરસવામા આવશે




(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)
રાજકોટ તા.૦૪

શહેરમા સામાજીક ધાર્મિક તેમજ અબોલ જીવોની સેવાકીય પ્રવૃતિઓ ક્ષેત્રે માત્ર ટુંકાગાળામાં સારી એવી નામના મેળવનાર યુવા સેના ટ્રસ્ટ-રાજકોટ દ્વારા તા.૦૭-૦૭ને રવિવારના રોજ અષાઢી બીજના પાવન દિવસે રાજકોટની અલગ અલગ ગૌ શાળામા તેમજ રાજકોટના અલગ અલગ વિસ્તારમાં ગાય માતાને લાડુ પિરસવામા આવશે. જીવદયા સેવા પ્રકલ્પના ભાગરૂપે જુદા જુદા સેવા કાર્યો કરવાનું આયોજન કરવામાં આવ્યુ છે. પ્રમુખ પ્રદયુમનસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ કાર્યકર્તાઓ દ્વારા (૧) ગૌ માતાને લાડવા તેમજ ઘાસચારો નીરવામાં આવશે (૨) કૂતરાઓને દૂધ-બીસ્કીટ (૩) કબૂતરો-પક્ષીઓને ચણ નાખવામાં આવશે. અને શહેરની અંદર આવેલા જુદા જુદા ચબુતરાઓમાં ચણ નાખવામાં આવશે. વધુ માહીતી માટે તેમજ આપનુ આ સેવાકાર્યમા યોગદાન આપવા માટે સંસ્થાના કાર્યાલય સેવા ભવન, ભોલેનાથ સોસાયટી શેરી નં. ૪, ગુરુપ્રસાદ ચોક નજીક, અંકુર વિદ્યાલય મેઈન રોડ, રાજકોટ ખાતે પ્રમુખ પ્રદયુમનસિંહ ઝાલાનો સંપર્ક કરવા યાદીમા જણાવ્યું છે.

''બેચલર ઓફ ઈન્ટીરીયર ડિઝાઈન'' (બી.આઈ.ડી.) અભ્યાસક્રમમાં

# પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે 'જીકાસ પોર્ટલ' અંગેની મહત્વની સુચના



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)
રાજકોટ તા.૦૪

બી.આઈ.ડી. અભ્યાસક્રમમાં પ્રવેશ ઈચ્છુક જે વિદ્યાર્થીઓ હજુ સુધી જી.સી.એ.એસ. પોર્ટલ પર અરજી કરી શકેલ નો હોય તેઓને તેમજ જે વિદ્યાર્થીઓ પોતાની અરજીમાં સુધારો કરવા માંગતા હોય તેઓને ગુજરાત ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા વધુ એક તક આપવામાં આવેલ છેં અને તે માટે તા. ૦૪-૦૭ થી તા.૦૬-૦૭ દરમ્યાન જી.સી.એ.એસ. પોર્ટલ ઓપન કરી આપવામાં આવશે.

''બેચલર ઓફ ઈન્ટીરીયર ડિઝાઈન'' (બી.આઈ.ડી.) અભ્યાસક્રમમાં કોઈપણ વિષય પ્રવાહમાં ધોરણ ૧૨ પાસ અથવા જનરલ શ્રેણીમાં કોઈપણ વિષયમાં ૪૫% માર્કસ સાથે (અનામત શ્રેણી માંટે ૪૦% માર્કસ સાથે) ડિપ્લોમાં પાસ ઉમેદવાર પ્રવેશ પાત્ર છે.

'કિચ સ્કૂલ ઓફ ડીઝાઈન' ખાતે બી.આઈ.ડી.ના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓના મંગલ પ્રવેશનો ઉત્સવ યોજવામાં આવેલ હતો. પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી તથા વાલીગણને સંસ્થાના આચાર્ય સુશ્રી શૈલીબહેન ત્રિવેદી દ્વારા આવકારાયેલ હતા, તેમજ શૈક્ષણિક ક્રિયા-કલાપો, સંસ્થાના ઉત્કૃષ્ઠ સંસાધનો તથા સગવડોની માહિતી પ્રદાન કરી ઉજ્જવળ કારકિર્દી નિર્માણની શુભેચ્છાઓ પાઠવેલ હતી.

પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓનો અભ્યાસ શરુ થઈ ગયેલ હોય, પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓએ વધુ માહિતી માંટે વી.વી.પી. સંચાલિત ઈન્દુભાઈ પારેખ સ્કુલ ઓફ આર્કીટેક્ચર, સ્કુલ ઓફ ઈન્ટીરીયર ડિઝાઈન, કાલાવાડ રોડ, મોટેલ ધી વિલેજ સામે, વાજડી-વીરડા,રાજકોટ ખાતે રૂબરૂ સંપર્ક સાધવો.તેમ જણાવ્યુ છે.

# રાજકોટ ચેમ્બર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ રજુઆત કરાઇ



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)
રાજકોટ તા.૦૪

કેન્દ્ર સરકાર દ્વારા MSME ઉત્પાદક નિકાસકારો માટે નિકાસના પ્રિ અને પોસ્ટ શિપમેન્ટ પર **Interest Equalization Scheme** જાહેર કરવામાં આવેલ. જે અંતર્ગત નિકાસકારો દ્વારા કરવામાં આવેલ પ્રી અને પોસ્ટ શીપમેન્ટ નિકાસ માટે લેવાયેલ લોન અંતર્ગત વ્યાજ સહાય ચુકવવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા આ સ્કિમની સમય મર્યાદા લંબાવવામાં આવેલ છે. પરંતુ આ સમયગાળો ખુબ જ ઓછો હોવાથી નિકાસકારો માટે ઘણા બધી સમસ્યાઓ ઉદભવી રહી છે. ખાસ કરીને સપ્લાય ચેન, ચલણની વધ ઘટ, ડોકયુમેન્ટસની જટીલતા, સરકારની મર્યાદા, વૈશ્વીક સ્પાર્ધાત્મકતા વિગેરેનો સામનો કરવો પડી રહયો છે. નિકાસકારોને વેગ મળી રહી તે માટે **Interest Equalization Scheme** મહત્વની ભુમિકા ભજવે છે ત્યારે આ સ્કિમની સમય મર્યાદા ૫ વર્ષ સુધી લંબાવવી ખાસ જરૂરી છે.

વધુમાં રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના રેપો રેટને ધ્યાનમાં રાખી **Interest Equalization Scheme** અંતર્ગત મળવાપાત્ર વ્યાજ સહાયની વર્તમાન મર્યાદા જે ૩% છે તેને વધારી ૬% કરી આપવા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ પાર્થભાઈ ગણાત્રા દ્વારા કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગમંત્રી પિયુષ ગોયેલજી, નાણામંત્રી નિર્મલા સિથારામનજી તથા પીએમ ઓફિસને રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.

**વાચકોએ નોંધ લેવી**

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપક: સૌરાષ્ટ્ર ક્રાંતી

# રાજકોટ પોલીસ કમિશનર ભાજપના ભ્રષ્ટાચાર ખુલ્લા ન પડે એટલે રજુઆત સાંભળતા નથી : કોંગ્રેસ

## બંધારણની કલમ ૧૯ મુજબ દરેક નાગરિકને વાણી અભિવ્યક્તિ સ્વતંત્રનો હક્ક છે : અતુલ રાજાણી

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૪

શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અતુલ રાજાણી, વશરામભાઈ સાગઠીયા, ગાયત્રીબા અશોકસિંહ વાઘેલા, જશવંતસિંહ ભટ્ટી, ધરમભાઈ કાંબલીયા, રાજદીપસિંહ જાડેજાની સંયુક્ત યાદી જણાવે છે કે રાજકોટ શહેર પોલીસ કમિશનરને અગાઉ એપોઈન્ટમેન્ટ લઈ પાંચ વ્યક્તિ મળવા આવે એવો તેમનો આદેશ હોય જે પગલે આજે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના ઉપરોક્ત આગેવાનો મળવા જતા રાજકોટ શહેર પોલીસ કમિશનરે મળવા અંગે પોતાની ઓફિસમાં ઈલેક્ટ્રોનિક મીડિયા અને પ્રિન્ટ મીડિયા આવી ન શકે એવી ગુસ્તાખી મારી હતી અને કોંગ્રેસના આગેવાનો સાથે ઉદ્ધતાઈપૂર્વકનું બે જવાબદારી પૂર્વકનું વર્તન કરવામાં આવ્યું હતું. જેને રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ સખત શબ્દોમાં વખોડે છે.

શાસક પક્ષના આદેશથી સત્તાધીશોની સિધી દોરવણી હેઠળ કામ કરતા રાજકોટ શહેર પોલીસ કમિશનર ભાજપના ભ્રષ્ટાચાર ખુલ્લો ન પડે એટલા માટે રજૂઆત સાંભળવા માગતા નથી અને પોતે અને સરકાર જો ભ્રષ્ટાચાર મુક્ત શાસન કરતી હોય તો પછી કોંગ્રેસના આગેવાનોના આવેદનપત્રો કે મીડિયા કર્મીઓથી શા માટે દૂર ભાગે છે. પોલીસ કમિશનર રાજકીય હાથો ન બને. ઉલ્લેખનીય છે કે બંધારણની કલમ ૧૯ મુજબ દરેક નાગરિકને વાણી અભિવ્યક્તિ સ્વતંત્રનો હક્ક છે. સરકારી કચેરીઓમાં ચાલતા ભ્રષ્ટાચાર કે રાજ્ય સરકારના ચાલી રહેલા ભ્રષ્ટાચાર મોબાઈલથી વિડીયો ન ઉતારી શકાય એવો કોઈ ભારતમાં કે ગુજરાતમાં કાયદો બન્યો જ નથી. જેવી રીતે રજીસ્ટર્ડ



અને નોન રજીસ્ટર્ડ મીડિયા દરેક જાહેર પ્રવૃત્તિઓનો વિડિયો રેકોર્ડિંગ કરી શકે છે એવી જ રીતે દેશને કર ચૂકવતો દરેક નાગરિક સરકારની કોઈપણ પ્રવૃત્તિઓનું રેકોર્ડિંગ કરી શકે છે જ્યાં ખોટું થતુ હોય જ્યાં તમારી સાથે અન્યાય થતો હોય ત્યાં તમે બિન્દાસ રેકોર્ડિંગ કરી શકો છો જો તમને રેકોર્ડિંગ કરતા બળજબરીપૂર્વક રોકવામાં આવે તો એ કલમ ૩૨૩, ૩૫૦ મુજબ ફોજદારી ગુનો બને છે અગત્યના સરકારી સંસ્થાના જેવા કે ઇસરો, અણુમથક, સીબીઆઇ, હાઇકોર્ટ વગેરેની અંદર કે બહારથી વિડિયો કરવો ગુનો બને છે બાકી કોઈપણ જાહેર રોડ ઉપર બનતી કોઈપણ સરકારી કાર્યવાહી કે અન્ય બાબતનો વિડીયો ઉતારવો એ કાયદેસર રીતે ગુનો બનતો નથી કોઈ સરકારી વ્યક્તિ તમને વિડીયો બનાવતા રોકે તો તેને પૂછવાનું કયા કાયદા પ્રમાણે હું આ વિડીયો ન ઉતારી શકું કઈ કલમ મુજબ વીડિયો કરવાની મનાઈ છે અને બીજું કે સરકારી વ્યક્તિ ખોટું કરતો હોય તો તેની સાથે વાતચીત કર્યા વગર કે તેને સ્પર્શ કર્યા વગર દૂર ઉભા ઉભા વિડિયો કરવો એ સરકારી કામમાં અડચણ નથી આપણે કોઈપણ સરકારી કર્મચારીની જાહેર ફરજનું અવલોકન કરવાનો અધિકાર ધરાવીએ છીએ રેકોર્ડિંગ કરશો ધાક ધમકી આપવામાં આવે છે અને ચોથી જાગીર નું અપમાન થતું હોય તેવું પોલીસ કમિશનરના શાસકો પ્રત્યેના વર્તન પરથી જણાય છે. જ્યાં વાડ જ ચીભડા ગળે ત્યાં અન્યનો શું ? કારણ અહી તો ખુદ પોલીસ કમિશનર જ પોતાની ઓફિસમાં બહાર બોર્ડ લગાવી દીધું છે કે ફોટોગ્રાફીની મનાઈ છે.

# રાજકોટ ગરાસીયા છાત્રાલયમાં T ૩ કેમ્પ યોજાયો

### ૩૭૦થી વધુ વિદ્યાર્થીઓના લોહતત્વ અને સ્વાસ્થ્યનું પરિક્ષણ કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૪

એનિમિયા મુકત ભારત અભિયાન અંતર્ગત આરોગ્ય શાખા, મહાનગરપાલિકાના ઉપક્રમે યુનિસેફના સંકલનથી રાજકોટ ખાતે હરભમજીરાય ગરાસીયા છાત્રાલયમાં ઝ ૩ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૭૦ થી વધુ વિદ્યાર્થીઓમાં લોહતત્વની ઉણપ અંગેના પરિક્ષણની સાથે સાથે વજન અને ઉંચાઈની ચકાસણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે રાજકોટના રાજવી માંધાતાસિંહ જાડેજાએ પ્રેરક ઉદબોધન કરતાં વિદ્યાર્થીઓને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ કેળવી એનિમિયામુકત ભારત અભિયાનને સફળ બનાવવા અનુરોધ કર્યો હતો.



આ નિમિત્તે NCC રાજકોટ ઝોનના ગ્રુપ કમાન્ડિંગ ઓફિસર બ્રિગેડિયર એસ.સંજયે કેન્દ્ર અને રાજ્ય સરકાર નોકરીઓની ભરતીમાં જોડાવા અંગે માર્ગદર્શન આપતાં વિદ્યાર્થીઓને સદાય તન અને મનથી સ્વસ્થ, તંદુરસ્ત અને સશકત રહીને ઉજ્જવળ કારકિર્દીનું ઘડતર કરવા શીખ આપી હતી.

આ કાર્યક્રમમાં કેપ્ટન જયદેવ જોશીએ લોહતત્વ વધારવાના ઘરગથ્થુ અને સરળ ઉપાયો જણાવી કિશોર - કિશોરીઓને તેમના રોજિંદા વ્યવહારોમાં પરિવર્તન લાવી એનીમિયા મુક્ત અને નિરોગી રહેવા સમજણ આપી હતી.

પબ્લિક હેલ્થ મેનેજર ડો. રાજેશ માંકડિયાએ એનિમિયા વિશે તેમજ એનિમિયા થવાના કારણો, નિદાન અને સારવાર વિશે વિગતવાર સમજ આપી પોષણયુકત આહાર લેવા અંગે માર્ગદર્શન આપ્યું હતું જયારે ન્યુટ્રિશન તજજ્ઞ હિતાવહી મહેતા અને તેમની ટીમે પોષણ સંબંધી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ કેમ્પમાં રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ તરફથી હિમોગ્લોબીનની ઉણપ ધરાવતા વિદ્યાર્થીઓને જરૂરી આઈ.એફ.એ. ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે રાજકોટના એમ.ઓ.એચ. ડો. જયેશ વાંકાણી અને આર.સી.એચ.ઓ. ડો.લલિત વાંઝાના માર્ગદર્શન હેઠળ આર.બી.એસ.કે. તબીબો સહિતની ટીમે આ કેમ્પને સફળ બનાવ્યો હતો.

અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે અગાઉ રાજકોટ ખાતે યુનિસેફ - ગુજરાતના સહયોગી સેપ્લેબ- આઇ.આઇ.ટી.-ગાંધીનગર તરફથી એનિમિયા મુકત ભારત અભિયાન અંતર્ગત યોજાયેલ કેમ્પમાં ૯૦૦થી વધુ NCC કેડેટસના આરોગ્યની ચકાસણી કરવામાં આવી હતી.

# સિધ્ધનાથ ટ્રસ્ટ દ્વારા ઉપલેટા પંથકને લીલુંછમ. હરિયાળું બનાવવા માટે વિના મુલ્યે રોપાનું વિતરણ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૪

શ્રી સિધ્ધનાથ ટ્રસ્ટ દ્વારા ઉપલેટા પંથક ને હરિયાળું અને લીલુંછમ બનાવવા ના હેતુ સાથે તા.૬ જુલાઈ, શનિવારે સવારે ૧૦.૩૦ કલાકે વી વી લક્ષી વિનય મંદિર. બાપુના બાવલા ચોક. ટાઉનહોલ પાસે ઉપલેટા થી વિના મુલ્યે રોપા નું વિતરણ કરવામાં આવનાર છે.

આ અંગે ટ્રસ્ટના જયેશભાઈ ત્રિવેદીએ જણાવેલ કે સેવા સંકલ્પ સાથે પૃથ્વી અને જીવ સૃષ્ટી ના અસ્તીત્વ માટે પર્યાવરણ જ આવશ્યક છે. પર્યાવરણ ને બચાવવા સમગ્ર વિશ્વ મથામણ કરી રહ્યું છે. ઓક્ષીજનની જરૂરીયાત,ગરમી સામે રક્ષણ પૃથ્વી જમીન નું ધોવાણ અટકાવવું, જીવ અસ્તીત્વ માટે વૃક્ષ અનીવાર્ય છે. માટે સીમવૃક્ષો- છાયો આપતા- ફળાવ વૃક્ષો- ફૂલ છોડ જેવા કે કરંજ, કણજી, લીમડો -સરગવો- જામફળી- ચીકુ-બોરસલી-ગુલાબ- દાળમ-લીંબુ જેવા રોપાનું વનીકરણ વિભાગ ના સહયોગ થી વિનામૂલ્યે વિતરણ કરવામાં આવનાર છે. ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયા, જિલા વન અધિકારી તુષારભાઈ પટેલ ઉપસ્થિત રહેનાર છે. રોપ મેળવી લોકો આજુબાજુ,સીમ માં એક વૃક્ષ પરિવાર કે નામ રોપી પર્યાવરણનું જતન કરે રોપા મેળવી લેવા આહવાન કરવામાં આવે છે. સેવા યજ્ઞ ને સફળ બનવા જયેશભાઈ ત્રિવેદી, ભાવેશભાઈ સુવા,વિક્રમસિંહ સોલંકી, ભગવાનદાસબાપુ નિરંજની, મનુભાઈ બારોટ, વિપુલ બારૈયા, અમિત બારૈયા, અસ્મીતાબેન મુરાણી, ભાવેશ બારૈયા પુષ્પાબેન ભારાઇ,રસિકભાઈ લાલાણી કીશોરભાઈ સોલંકી, દીલીપભાઈ સોલંકી, જગદીશભાઈ પૈડા જહેમત ઉઠાવી રહ્યા છે.

# રઘુવંશી સેવા સમાજ મીઠાપુર સુરજકરાડી દ્વારા રઘુવંશી તેજસ્વી તારલાઓનાં સન્માન સમારોહનું આયોજન





(દિવ્યેશ જટણીયા દ્વારા)
મીઠાપુર,તા.૪

ઓખામંડળ તાલુકાનાં મીઠાપુર અને સુરજકરાડી ખાતે કાર્યરત રઘુવંશી સેવા સમાજ સંસ્થા દ્વારા દર વર્ષ ની જેમ આ વર્ષે પણ રઘુવંશી સમાજ નાં તેજસ્વી તારલાઓને સન્માનીત કરવા માટે એક સન્માન સમારોહનું આયોજન કરવામાં આવશે. મીઠાપુર, સુરજકરાડી, ઉદ્યોગનગર, આરંભડા તેમજ ભિમરાણા નાં રઘુવંશી સમાજના બાળકો કે જેમણે ધોરણ ૬ થી ૯ માં ૭૫ તથા ધોરણ ૧૦ થી ૧૨ માં ૭૦ કે તેથી વધુ ટકાવારી આ વર્ષ ૨૦૨૪ માં પ્રાપ્ત કરી છે તેમનાં વાલીઓને આગામી તારીખ ૧૦/૭/૨૪ સુધી માં આવા બાળકોની માર્કશીટ આપેલ સરનામાં પર જમા કરાવવા વિનંતી કરવામાં આવી છે.

(૧) ધરમશીભાઈ મેઘજીભાઈ બથિયા આશાપુરા હોટેલ, મેઈન બજાર,મીઠાપુર, મો.૯૬૦૧૪૫૫૧૩૧

(૨) ભાવિનભાઈ બી. ધોકાઈ, એલ. આઈ સી એજન્ટ, વીર ભગતસિંહ માર્ગ, સુરજકરાડી, મો.૯૮૨૪૩૩૬૧૪૧

(૩) દિપકભાઈ ગોકલદાસ પરમાણી, એ વન મેચિંગ સેન્ટર, રામ મંદીર ની બાજુમાં, સુરજકરાડી, મો.૯૮૨૪૨૩૫૧૫૭

વધુ વિગત માટે ભરતભાઈ દ્વારકાદાસ ધોકાઇ, વકીલ સુરજકરાડી, મો.૯૭૨૫૭૨૮૪૧૪ પર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

**ઉપલેટાના ખાખીજાળીયા ગામે નવનિર્માણ પામી રહેલ**

# આંગણવાડી શરૂ થાય તે પહેલા જ વરસાદે ભ્રષ્ટાચારની પોલ છતી કરી દીધી

## વરસાદથી પાણી ટપકતું હોય તેવા દ્રશ્યો સામે આવતા સ્થાનિકો દ્વારા ભ્રષ્ટાચારના આક્ષેપો લગાવાયા



(આશિષ લાલકિયા દ્વારા)
ઉપલેટા,તા.૪

ઉપલેટા તાલુકાના બીજા નંબરના સૌથી મોટા ગામ એવા ખાખીજાળીયા ગામે નવનિર્માણ પામી રહેલી આંગણવાડીના બિલ્ડિંગમાં આંગણવાડીનું કામ પૂર્ણ થાય અને નવી આંગણવાડી શરૂ થાય તે પહેલા જ વરસાદ આવતાની સાથે નબળી કામગીરીની પોલ છતી થઈ ગઈ હોવાનું સામે આવ્યું છે. ખાખીજાળીયા ગામમાં નવનિર્માણ પામી રહેલી આ આંગણવાડી કેન્દ્રના ઈમારતમાં ભ્રષ્ટાચાર થયો હોય અને નબળી ગુણવત્તા તેમજ હલકુ કામ કરવામાં આવ્યું હોવાના સ્થાનિકો દ્વારા આક્ષેપ લગાવવામાં આવ્યા છે.

અહીંયા જોવા મળેલ દ્રશ્યો અને વાસ્તવિક સ્થિતિ પરથી પણ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે અને કહી શકાય છે કે અહીંયા આંગણવાડી શરૂ થાય તે પહેલા જ ચોમાસાના વરસાદે તંત્ર અને જવાબદાર એજન્સી દ્વારા કરવામાં આવેલી કામગીરીનું નબળું પરિણામ ચોક્કસપણે દેખાઈ રહ્યું છે. અહીંયા પહેલા જ વરસાદની અંદર વરસાદ આવ્યા બાદ અહીં આંગણવાડીમાં પાણી ટપકતું હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા છે ત્યારે ખાખી જાળીયા ગામના લોકો માટે અને તેમની સુખાકારી માટે બની રહેલ આ આંગણવાડીમાં નબળું અને હલકું કામ થયું હોય તેવું સામે આવ્યું છે જેથી સ્થાનિકો દ્વારા અહીંયા બની રહેલી આંગણવાડીની કાયદેસરની કામગીરી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

ઉપલેટા તાલુકાના આ ખાખીજાળીયા ગામમાં નવનિર્માણ પામી રહેલી આંગણવાડીના બીજા પણ વિવાદો ખૂલે તેવી શક્યતાઓ સામે આવી રહી છે પરંતુ હાલ તો ચોમાસામાં પહેલા પડેલા વરસાદે નવનિર્માણ પામી રહેલી અને આંગણવાડી શરૂ થાય તે પહેલા જ જે તે જવાબદાર એજન્સી તંત્ર દ્વારા કેવા પ્રકારનું કામ અને પરિણામ આવશે તેની ઝલક ચોક્કસપણે દેખાડી દીધી છે ત્યારે આવતા ભવિષ્યમાં આ આંગણવાડી કેન્દ્રમાં કોઈ મોટી દુર્ઘટના કે વરસાદના પાણી કે અન્ય કોઈપણ ઋતુમાં સમસ્યા કે અકસ્માત સર્જાશે તો બાળકોના ભવિષ્યનો શું થશે તેવી ચિંતાઓ સાથે સ્થાનિકો દ્વારા મીડિયા સમક્ષ વ્યથા ઠાલવી અને આ મામલે તાત્કાલિક અસરથી યોગ્ય અને કડક કાર્યવાહી કરી જવાબદારો સામે તાત્કાલિક પગલાં લેવામાં આવે અને લોકોના સુખાકારી માટે બની રહેલી આંગણવાડીનું પુનઃ યોગ્ય રીતે કામ કરવામાં આવે તેવી માંગ કરી છે.

# દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૪

સરગમ કલબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ કલબ અને જયશ્રીબેન તનસુખભાઈ સંઘવી ના સયુંકત ઉપક્રમે જયપુર કેમ્પ યોજાયેલ. આ કેમ્પમાં કુલ ૫૪ દર્દીઓ એ લાભ લીધો જેમાં કેલીપર્સ નાં દર્દી ૨૦ લેગ (પગ) નાં દદી ૨૪ અને રીપેરીંગ ૧૦ દર્દી વિનામૂલ્યે લાભ લીધો.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા અને જયશ્રીબેન તનસુખભાઈ સંઘવી એ જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે.

આ કેમ્પમાં અમોને મુખ્ય સહયોગ જયશ્રીબેન તનસુખભાઈ સંઘવી (દુબઈ) તેમજ તેના પરિવારજનો તેજસભાઈ સંઘવી ના પરિવારનો સહયોગ મળેલ છે.

દર વર્ષે ૧ જૂલાઈ ના રોજ જયશ્રીબેન તનસુખભાઈ સંઘવી (દુબઈ) દ્વારા જયપુર ફૂટ કેમ્પ યોજાશે.




આ કેમ્પની સફળતા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ જયશ્રીબેન તનસુખભાઈ સંઘવી તથા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ યોજાયેલ. આ કેમ્પ ને સફળ બનાવવા માટે દીપકભાઈ કમાણી, રશ્મિભાઈ કમાણી, કિશોરભાઈ પરમાર, જે.કે. સરાઠે તથા સરગમ કલબના કમિટી મેમ્બર પ્રફુલભાઈ મિરાણી, અલ્કાબેન કામદાર, ચેતનાબેન સવજાણી, ભાવનાબેન મહેતા, મધુરીકાબેન જાડેજા, કૈલાશબા વાળા, સુધાબેન દોશી, જયશ્રીબેન વ્યાસ, હર્ષાબેન પીઠડીયા, હર્ષાબેન કથ્રેચા, નિશાબેન વડગામા, વગેરે જહેમત ઉઠાવી હતી. આ કેમ્પ માં રાજસ્થાનનાં ડોકટરો જગનલાલ ચોધરી, હેમંત શર્મા, તુફાનસિંહ તોમર વગેરે સેવા આપેલ આવનારા તમામ દર્દી ઓને વિના મુલ્યે ચા પાણી આપવામાં આવેલ.

આગામી કેમ્પ તા.૧/૦૮ નાં રોજ ૩ દિવસ માટે યોજાશે.તેમ ગુણવંતભાઈ ડેલાવાળાએ જણાવ્યું છે.

# રોટરી કલબ ઓફ અંકલેશ્વરનો ૪૮મો પદગ્રહણ સમારંભ યોજાયો



(વિજય પટેલ દ્વારા)
રાજકોટ,તા.૪

સામાજિક સેવા ક્ષેત્રે કાર્યરત અંકલેશ્વરનો ૪૮ ગ્રહણ સમારંભ ગુમાનદેવ મંદિરનાં મહંત શ્રી મનમોહનદાસજીનાં અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૪ - ૨૫ નાં કાર્યકાળ માટે પ્રમુખ તરીકે સુનીલ નેવે, સેક્રેટરી વલકેશ પટેલ, જોઈન્ટ સેક્રેટરી ડો. રોમશા રાજપુરોહિત, વોઈસ પ્રેસિડન્ટ કિશોર સુરતી, પ્રેસિડન્ટ ઈલેક્ટ પંકજ ભરવાડા, ક્લબ ટ્રેનર અર્પણ સુરતી, ફાઉન્ડેશન ચેર મીરાં પંજવાણી, મેમ્બરશીપ ચેર સુનિલ નાડકર્ણી, પબ્લિક ઈમેજ ચેર ગજેન્દ્ર પટેલ, ટ્રેઝરર મહાવીર જૈન, સર્વિસ પ્રોજેક્ટ ચેર મનીષ શ્રોફ, ઈમિડીયેટ પાસ્ટ પેસિડન્ટ ઘનશ્યામ ગજેરા, બુલેટિન એડિટર અનિતા કોઠારી જ્યારે સરર્જેત ઓફ આર્મ્સ તરીકે દિલીપ પાટીલની વરણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે ઇન્સ્ટોલિંગ ઓફિસર તુષાર શાહ, અધિક નિવાસી કલેક્ટર એન. આર. ધાંધલ, ઓએનજીસી મેનેજર વિજયકુમાર ગોખલે, કલામંદિર જ્વેલર્સ ડિરેક્ટર શરદ શાહ, અશોક પંચવણી સહિત રોટરીયાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# સાવરકુંડલા પંથકના યુવાધનને રમત- ગમત ક્ષેત્રે મળશે પ્રોત્સાહન



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)
સાવરકુંડલા,તા.૪

સાવરકુંડલા પંથકના છેવાડાના ક્રિકેટ પ્રેમીઓમાં પડેલી રમતગમત પ્રત્યે અવેરનેસ વધે તથા યુવાનોની ક્ષમતા બહાર લાવવાના મુખ્ય ધ્યેય સાથે સાવરકુંડલા શહેર નજીક મહુવારોડ ખાતે સ્પોર્ટ્સ સંકુલની બાજુમાં ૧૫ વિઘામાં ધારાસભ્ય કસવાલાની રજુઆતને ધ્યાને લઇ રાજ્ય સરકારે જિલ્લાનું પ્રથમ ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવવા માટે મંજૂરી આપવામાં આવી છે

સાવરકુંડલા પંથકના યુવાનોમા ક્રિકેટ પ્રત્યે જબરો લગાવ છે ત્યારે ક્રિકેટ પ્રેમીઓની લાગણી ને ધ્યાને રાખીને

ધારાસભ્ય મહેશભાઇ કસવાલાએ રાજય સરકારમાં રજુઆત કરીને જિલ્લાનુ પ્રથમ ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવવા માટેની મંજૂરી આપી જેમાં ધારાસભ્ય કસવાલા ની મહેનત રંગ લાવી જેથી ક્રિકેટ પ્રેમીઓમાં હર્ષની લાગણી જોવા મળી રહી છે અને ધારાસભ્ય કસવાલાને ફોનથી અભિનંદનની વર્ષા થઇ રહી છે.

# ધંધો-રોજગાર શરૂ કરવા માટે મનપા દ્વારા બેંકો મારફતે રૂ.૨ લાખ સુધીની લોન

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૪

મહાનગરપાલિકા પ્રોજેક્ટશાખાના DAY-NULM દ્વારા શહેરના રોજગાર વાન્છુક લોકોને જાણ કરવામાં આવે છેકે, દીન દયાળ અંત્યોદય યોજના રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજનાનાં સ્વ-રોજગાર બેંકેબલ યોજના (SEP-I) ઘટક હેઠળ ધંધો રોજગાર શરૂ કરવા માટે રૂ.૨,૦૦,૦૦૦ની મહત્તમ મર્યાદામાં રાષ્ટ્રીયકૃત બેંક મારફત ધિરાણ મળવા પાત્ર છે. તથા આ યોજનાના લાભાર્થીને ૭% થી વધુ વ્યાજ ઉપર વ્યાજ સબસીડી મળવા પાત્ર છે. આ યોજનાનો લાભ લેવા માટે સુવર્ણ જયંતી શહેરી રોજગાર યોજનાનું બી.પી.એલ. કાર્ડ, બી.પી.એલ. રેશન કાર્ડ, આવાસના લાભાર્થી તથા અનુ.જાતિ, અનુ.જન જાતિના લાભાર્થીઓ તેમજ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના-આયુષ્યમાન ભારત કાર્ડ ધરાવતા લાભાર્થીઓને આ યોજનાનો લાભ મળી શકે. ભારત સરકાર પુરસ્કૃત આ યોજનામાં શહેરી ગરીબોને ધંધા રોજગાર શરુ કરવા અથવા રોજગારના વિકાસ માટે લાભ આપવામાં આવે છે. લોનમાં ૭% થી ઉપરના વ્યાજની સબસીડી તરીકે સહાયતા પ્રાપ્ત થાય છે. લોન ભરપાઈ કરવાનો સમયગાળો ૫ વર્ષ થી ૭ વર્ષ રહેશે.

આ યોજનાનો લાભ લેવા ઇચ્છતા લાભાર્થીઓને કચેરીના કામકાજના દિવસો દરમ્યાન ડો.આંબેડકર ભવન NULM-CELL રાજકોટ મહાનગરપાલિકા, ઢેબરભાઈ રોડ, ક્રેડીટ સોસાયટીની ઉપર, પ્રથમ માળ ખાતે સંપર્ક કરવો.

## અવસાન નોંધ

વીરપુર જલારામ નિવાસી ઠા પ્રભુદાસભાઈ રૂપારેલીયા તથા સ્વ ચીમનભાઈ રૂપારેલીયાના નાના ભાઈ નટવરલાલ રૂપારેલીયાના પત્ની તેમજ સ્વ બટુકભાઈ રૂપમ સુરતના ભાભી તથા મનીષ,ભાવના હેતલ શીતલના માતા તથા વિજયભાઇ કેતનભાઇ તથા પંકજભાઈ ના કાકી તેમજ ચલાલા નિવાસી સ્વ હિંમતભાઈ (અમરેલી)સ્વ વસંતભાઈ (રાજકોટ) છોટુભાઈ (ભાવનગર) તથા અનુભાઈ ભીમજીયાણી (જુનાગઢ)ના બહેન સ્વ.રંજનબેન નટવરલાલ રૂપારેલિયાનું પુના મુકામે અવસાન થયેલ છે સદગત નું ઉઠમણું તથા પિયર પક્ષની સાદડી વિરપુર (જલારામ) મુકામે તા ૪/૭ને ગુરૂવાર ના રોજ સાંજે ૪ થી ૫ શ્રી લોહાણા મહાજનવાડી વિરપુર (જલારામ) મુકા મેં રાખેલ છે.

# એસ.ટી. દ્વારા સ્કુલ-કોલેજ- ITIના વિદ્યાર્થીઓને માટે ઓનલાઇન બસ પાસ સેવા શરૂ કરાઇ

## ગ્રામ્ય વિસ્તારની વિદ્યાર્થીઓને ફ્રી પાસ મળશેઃ શહેરી વિસ્તારની વિદ્યાર્થીઓને ૮૨.૫% સબસીડી



રાજકોટ,તા.૪

રાજ્યમાં તમામ શાળા કોલેજ અને ITIનું નવું શૈક્ષણિક સત્ર શરૂ થયું છે. શાળા કોલેજ અને ITIમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઘરેથી શાળાએ આવવા જવા માટે ST બસના પાસ આપવામાં આવે છે. ચાલુ વર્ષે ST વિભાગ ઓનલાઈન સિસ્ટમ અપડેટ કરવામાં આવી છે. શાળા કોલેજ દ્વારા વિદ્યાર્થીઓના આધાર કાર્ડ લિંક કરી CTS નંબર વિદ્યાર્થીને જનરેટ કરવામાં આવે છે. જે નંબરના આધારે પાસ માટે ઓનલાઈન ફોમ ભરી શકશે.

રાજ્યમાં ST વિભાગના ચેકીંગમાં ભૂતિયા સ્ટુડન્ટ પાસ સામે આવ્યા હતા. સાથે શાળા, કોલેજ અને ITI શરૂ થતાં વિદ્યાર્થીઓની STના પાસ મેળવવા લાંબી લાઇન લાગતી હોવાનું ધ્યાને આવ્યું હતું. જેને લઈને વિદ્યાર્થીઓનો સમય નો વ્યય થતો હોવાનું સામે આવ્યું હતું. જેથી ST વિભાગે સમગ્ર રાજ્યમાં વિદ્યાર્થીઓના સ્ટુડન્ટ પાસ મેળવવા ચાલુ વર્ષે ઓનલાઈન સિસ્ટમ ચાલુ કરવામાં આવી છે.

જેમાં STના વિદ્યાર્થીઓ પાસ મેળવવા ઈચ્છુક શાળા, કોલેજ અને ITIના વિદ્યાર્થીઓએ તેમની શાળા, કોલેજ અને ITIમાં તેમનો આધાર કાર્ડ આપી શાળા, કોલેજ કે ITI દ્વારા આધાર કાર્ડ બોનાફાઇડ સર્ટી સાથે લિંક કરી CTS નંબર જનરેટ કરી વિદ્યાર્થીઓને આપવાનો રહે છે. વિદ્યાર્થીઓએ CTS નંબરના આધારે STની ઓનલાઈન સાઈટ ઉપર ફોર્મ ભરવાનું રહેશે.

ફોર્મ ભરતી વખતે ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાંથી આવતી વિદ્યાર્થીનીઓએ તકેદારી પૂર્વક ફોમ ભરવા જણાવ્યું છે. ફોર્મમાં ગ્રામ્ય વિસ્તારની તમામ વિદ્યાર્થિનીઓને ફ્રી પાસ મળે છે. શહેરી વિસ્તારની વિદ્યાર્થિનીઓને ૮૨.૫% સબસીડી આપવામાં આવે છે.

# મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટેની જમીન સંપાદનનું ૧૦૦ ટકા કામ પૂર્ણ

રાજકોટ,તા.૪

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટેની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. જમીન સંપાદનનું કામ ૧૦૦ ટકા પુર્ણ થયુ છે જેમાં ગુજરાત દાદરાનગર હવેલી અને મહારાષ્ટ્ર વચ્ચે જમીન સંપાદન કરાયુ છે. વાયડકટ અને પિઅર બાંધકામ પુરજોશમાં ચાલુ છે.

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં જાપાનીઝ શિકનસેન ટ્રેક સિસ્ટમ પર આધારિત બેલાસ્ટલેસ ટ્રેકની જે સ્લેબટ્રેક સિસ્ટમ હશે. ભારતમાં પહેલીવાર જે સ્લેબ બેલાસ્ટલેબ ટ્રેક સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. બે અત્યાધુનિક ટ્રેક સ્લેબ ઉત્પાદન સુવિધાઓ સુરત અને આણંદમાં સંપૂર્ણ રીતે કાર્યરત છે.

સુરત અને વડોદરા ખાતે ૩૫૦૦૦ એમટી થી વધુ જેઆઈએસ રેલ અને ટ્રેક બાંધકામ મશીનરીના ૩ સેટ મળતા કામગીરી ઝડપથી થઈ રહી છે. ગુજરાતના વલસાડમાં ઝરોલી ગામ પાસે ૩૫૦ મીટર લંબાઈની પ્રથમ પર્વતીય ટનલનુ કામ પૂર્ણ થઈ ગયુ છે. આ ઉપરાંત સુરત, આણંદ અને વડોદરામાં અનુક્રમે ૭૦ મીટર, ૧૦૦ મીટર અને ૧૩૦ મીટરના ૩ સ્ટીલ બ્રિજનું કામ પણ પુર્ણતા પર છે.

આ પુલ બુલેટ ટ્રેન કોરિડોરનુ કામ કુલ ૨૪ નદીના પુલોમાંથી આઠ નદીઓ પર કામ થઈ રહ્યું છે. વલસાડના ઔરંગા, પાર, નવસારીના પુર્ણા, મીંઢોળા, અંબિકા, વેંગણીયા અને વડોદરાના ઘાઘટમાં કામગીરી પુર્ણ થઈ ગયેલ છે. તેમજ અન્ય મહત્વની નદીઓ નર્મદા, તાપી, મહી, સાબરમતી પર કામ ચાલુ છે. ભારતની પ્રથમ ૭ કી.મી. એડરસી રેલ ટનલ માટે કામની શરૂઆત થઈ છે.

જે મહારાષ્ટ્રમાં બીકેસી અને શિલફાય વચ્ચે ૨૧ કી.મી. લાંબી ટનલનો એક ભાગ છે. મુંબઈ બુલેટટ્રેન સ્ટેશનના નિર્માણ માટે અને ભુગર્ભ અન્ડર સી ટનલ માટે શાફુટ માટે ખોદકામ ચાલુ છે. મહારાષ્ટ્રમાં એલિવેટેડ સેકશન માટે પણ સિવિલ વર્ક પ્રગતિમાં છે. ગુજરાતમાં ૩૫૨ કી.મી. વાયાડકટ અને ગર્ડર કાસ્ટીંગનું ૨૨૨ કી.મી. કામ પૂર્ણ થયુ છે તેમજ ૫૫૪૯ ગર્ડર્સ નાખવામાં આવ્યા છે.

ગુજરાતના ૮ સ્ટેશનોમાં પાયાનુ કામ પુર્ણ થયુ છે. જેમાં વાપી-રેલ લેવલનો સ્લેબ પુર્ણ થયો. બીલીમોટા પ્લેટફોર્મ લેવલનો સ્લેબ, સુરતમાં ૭૭૦/૮૧૫ મીટર પ્લેટફોર્મ સ્લેબ, આણંદમાં ૮૨૦/૮૩૦ મીટર પ્લેટફોર્મ સ્લેબ, અમદાવાદમાં ૬૦/૪૧૫ મીટરનો પ્લેટફોર્મ સ્લેબ ભરૂચમાં ૩૫૦/૪૫૦ મીટર રેલ લેવલ સ્લેબનુ કામ પુર્ણ થયુ છે. સુરત ડેપોમાં માળખાકીય કાર્ય પુર્ણ થયુ છે.સાબરમતી ડેપોમાં માટીકામ પુર્ણ થયુ. વહીવટી જીવન માટે આરસીસીનું કામ ચાલુ છે.

# રાજુલાના પીપાવાવધામ ખાતે સ્વ.જમનાબાની પ્રથમ પુણ્યતિથિ નિમિતે ધર્મસભા અને મહાપ્રસાદનું આયોજન કરાયું



## પૂ.મોરારીબાપુ ખાસ ઉપસ્થિત રહ્યા

(ધર્મેશ મહેતા દ્વારા)

રાજુલા,તા.૪

રાજુલા તાલુકાના પીપાવાવધામ ખાતે રણછોડરાય મંદિર આવેલ છે. અહીં આ મંદિરના મહંત મહેશબાપુના માતુશ્રી સ્વ.જમનાબાની પ્રથમ પુણ્યતિથિ નિમિતે ધર્મસભા અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પપૂ. રામકથાકાર મોરારીબાપુ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. અને મોરારીબાપુની પધરામણી થતાં લોકોએ બાપુના આશીર્વાદનો લાભ લીધી હતો. અને મોરારીબાપુના હસ્તે વૃક્ષારોપણ કરાયું અને તે વૃક્ષનું નામ કાગવડ રાખ્યુ હતું. ત્યારબાદ પીપાવાવધામની જગ્યાનુ અન્નક્ષેત્ર હાઈવે પર જે મંદિરના સેવકગણ તેમજ દાતાઓ દ્વારા ઝડપભેર અન્નક્ષેત્રનુ કામ પુર્ણ કરવામા આવ્યુ હતું. ત્યારે પુ.મોરારીબાપુના હસ્તે ખુલ્લુ મુકવામા આવ્યું હતું. આ અન્નક્ષેત્ર શરૂ થતાં હવે અહીંથી ભુગડા, બગદાણા, કોટડા, ગોપનાથ સહિત વગેરે સ્થળે જતા યાત્રિકોને અહી પ્રસાદ મળી રહેશે. પપૂ.મોરારીબાપુને વિચાર આવ્યો હતો કે વધુને વધુ લોકો અન્નક્ષેત્રનો લાભ લે તે માટે હાઈવે પર શરૂ કરાયું છે. આ તકે રામકથાકાર પૂજ્ય મોરારીબાપુ, પીપાવાવધામના મહંત મહેશબાપુ, અમરદાસબાપુ નિંગાળા, મનસુખદાદા રાભડાવાળા, ગણપતબાપુ, સાગરભાઇ ડાભીયા, બાબુભાઇ કાગ, જયદેવભાઇ કાગ, હરદેવભાઇ કાગ, રાજુલા તાલુકા રામાનંદી સાધુ સમાજ પ્રમુખ અલ્પેશબાપુ તેમજ સંતો-મહંતો સહિત મોટી સંખ્યામા લોકો હાજર રહ્યાં હતાં.

# શ્રી પંચની મચ્છો માં - ધ્રોલ ખાતે થનારી અષાઢી બીજની ઉજવણી

## સંતો-મહંતોની ઉપસ્થિતિમાં શોભા યાત્રા - મહા પ્રસાદનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૪

અષાઢી બીજના પાવન પર્વની પરંપરાગત ઉજવણી જગન્નાથપૂરી, અમદાવાદ સહિતના સ્થળોએ ભવ્ય રીતે કરવામાં આવે છે. આ પર્વની ભરવાડ સમાજના શ્રી પંચની મચ્છો માં - ધ્રોલ ખાતે પણ ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. જે અંતર્ગત આગામી તા. ૭ જુલાઈ, રવિવારના રોજ ૧૫ માં અસાઢી બીજ મહોત્સવની ભવ્ય ઉજવણી સંતો-મહંતોની ઉપસ્થિતિમાં કરવામાં આવશે.

શ્રી પંચની મચ્છોમાં ચેરીટેબલ ટ્રસ્ટ, ધ્રોલના ઉપક્રમે પ.પૂ. મહંત શ્રી ૧૦૦૮ શ્રી ઘનશ્યામપુરી ગુરુશ્રી શિવપુરી ગ્વાલીનાથ મહાદેવ - થરા, પ.પૂ. મહંત શ્રી ગાંડુ ભગત શ્રી મચ્છું માતાજી મંદિર- મોરબી તેમજ પ.પૂ. મહંત શ્રી બાલારામ બાપુ મૂળાબાપાની જગ્યા- દ્વારકાની પ્રેરક ઉપસ્થિતિમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવમાં આવ્યું છે.

અષાઢી બીજના દિવસે સવારે ૭:૩૦ કલાકે માતાજીનો અભિષેક, ૯:૩૦ કલાકે ભવ્ય શોભાયાત્રા, યજ્ઞ, ગણપતિ પૂજન તેમજ બપોરે ૧૨:૩૦ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી રમેશભાઈ લધુભાઈ વરુ હવનમાં સાતક બેસનાર છે. .

આ તકે સૌ ધર્મપ્રેમી ભાઈઓ - બહેનોને આ રૂડા અવસરે ભાવભીનું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ઓલપાડની ભગવા પ્રાથમિક શાળાનાં બાળકોએ કેરીની મોજ માણી




(વિજય પટેલ દ્વારા)

ઓલપાડ,તા.૪

ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં સામાન્ય રીતે દાતાઓ જરૂરિયાતમંદ બાળકો માટે શૈક્ષણિક કીટનું વિતરણ કરતાં હોય છે. ક્યાંક ગામનાં કોઈક નાગરિક પોતાનાં સ્વજનનાં સ્મરણાર્થે તિથિભોજન આપીને ધન્યતા અનુભવતા હોય છે. પરંતુ આનાથી વિશેષ જૂજ કિસ્સામાં બાળકોએ ફળોનો રાજા કેરીની મોજ માણી હતી.

ઓલપાડ તાલુકાની જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત છેવાડાની કાંઠા વિસ્તાર સ્થિત ભગવા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતાં ઉપશિક્ષક અને ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનાં કાર્યવાહક પ્રમુખ એવાં ગિરીશ પટેલે શાળાનાં બાળકોને પોતાનાં પરિવારનાં બાળકો સમજી મોંઘેરી કેરીની ભરપેટ મિજબાની કરાવીને પોતાનાં શિક્ષકત્વને ઉજાગર કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે શાળાનાં આચાર્ય જયેશ વ્યાસ અને સાથી શિક્ષક ગિરીશ પટેલની બેલડી વર્ષ દરમિયાન બાળકોને તિથિ ભોજન તથા વન ભોજન સ્વખર્ચે નિયમિત કરાવતા આવેલ છે.

# સાવરકુંડલાના આદસંગ ગામે આવેલ હનુમાનજી મંદિરમાં ચોરીનો પ્રયાસ



(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી,તા.૪

સાવરકુંડલા તાલુકાના આદસંગ ગામે આવેલ આદસંગી હનુમાનજીના મંદિરમાં બે તસ્કરો ચોરીનો પ્રયાસ કરવામાં આવ્યો હોય, આ મંદિરમાં લગાવેલ સીસીટીવી તસ્કરો જોઈ જતા નાશી છુટયા હતા.

આ બનાવમાં જાણવા મળતીવિગત અનુસાર સાવરકુંડલા તાલુકાના આદસંગ ગામે આવેલ આદસંગી હનુમાનજીના મંદિરમાં બે તસ્કરો ચોરીનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ આ મંદિરમાં અગાઉ ચોરીની ઘટના બન્યા બાદ સીસીટીવી લગાવી દેવાયા હતા. ત્યારે એક ફરી વખત તસ્કરોએ ચોરીનો પ્રયાસ કરી આ મંદિરની દાનપેટી તોડવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તે દરમિયાન મંદિરમાં લગાવેલ સીસીટીવી આ તસ્કરો જોઈ જતા નાશી છુટયા હતા.

# શેરબજારમાંથી રોકાણકારોને ૮૦ લાખ કરોડની કમાણી

## શેરબજાર છેલ્લા ૧ વર્ષમાં સતત દોડયું




મુંબઇ,તા.૪

ભારતીય શેરબજારોએ આ વર્ષે રેકોર્ડ બ્રેક પ્રદર્શન કર્યું છે. બુધવારે સેન્સેક્સ પ્રથમ વખત ૮૦,૦૦૦ની સપાટીએ પહોંચ્યો હતો. અગાઉ, તે ૧૧ ડિસેમ્બર ૨૦૨૩ ના રોજ પ્રથમ વખત ૭૦,૦૦૦ અને ૦૯ એપ્રિલ ૨૦૨૪ ના રોજ ૭૫,૦૦૦ ના સ્તરને પાર કરી ગયો હતો. સેન્સેક્સના આ તોફાની ઉછાળાને કારણે BSE પર લિસ્ટેડ કંપનીઓની કુલ માર્કેટ મૂડીમાં છેલ્લા ૭ મહિનામાં ૮૦ લાખ કરોડ રૂપિયાનો રેકોર્ડ વધારો થયો છે. મે મહિનામાં પાંચ ટ્રિલિયન ડોલરનું સ્તર વટાવી ગયું હતું

બુધવારે શેરબજારમાં ઉછાળા સાથે BSEનું માર્કેટ કેપિટલાઇઝેશન ૪૪૫.૪૩ લાખ કરોડ રૂપિયાના ઐતિહાસિક સ્તરે પહોંચી ગયું છે. અગાઉ ૨૮ ડિસેમ્બરે આ આંકડો ૩૬૫ લાખ કરોડ રૂપિયાની નજીક હતો. તે જ સમયે, આ વર્ષે ૨૧ મેના રોજ, BSEનું માર્કેટ કેપિટલાઇઝેશન પ્રથમ વખત પાંચ ટ્રિલિયન ડોલરને પાર કરી ગયું હતું. ત્યારે આ આંકડો ૪૧૪.૪૬ લાખ કરોડ રૂપિયા પર પહોંચી ગયો હતો. ૩ જૂને લોકસભા ચૂંટણીના પરિણામો પહેલા એક્ઝિટ પોલ જાહેર થયા બાદ જૂનમાં ભારે ઉતાર-ચઢાવ જોવા મળ્યો હતો. આના કારણે માર્કેટ કેપિટલાઇઝેશન એક દિવસમાં રૂ. ૧૨.૪૮ લાખ કરોડ વધીને રૂ. ૪૨૪.૬૧ લાખ કરોડની સર્વકાલીન ટોચે પહોંચી ગયું છે. પરંતુ પરિણામના દિવસે એટલે કે ૪ જૂને બજારમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. તેના કારણે રોકાણકારોને એક જ દિવસમાં ૩૧ લાખ કરોડ રૂપિયાનું મોટું નુકસાન થયું અને મૂડી ૩૯૪.૮૩ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ. આ પછી, બજારમાં સતત વધારો થયો અને નુકસાનની ભરપાઈ કરીને, બજારે ૨૮.૬૫ લાખ કરોડ રૂપિયાની કમાણી કરી.

૧. ભારતીય અર્થતંત્રમાં ઝડપી વૃદ્ધિ૨. દેશની વર્તમાન ખાધ ૧૨ વર્ષમાં સૌથી નીચા સ્તરે ૩. સંપૂર્ણ બજેટને કારણે રોકાણકારોની અપેક્ષાઓ વધી ૪. વૈશ્વિક સંકેતો પણ સકારાત્મક ૫. બેન્કિંગ, નાણાકીય શેરોમાં નક્કર વૃદ્ધિ ૬. વ્યાજદરમાં કાપની અપેક્ષા ૭. સ્થાનિક અને વિદેશી રોકાણકારોએ ખરીદીમાં વધારો કર્યો.

# ૯ જુલાઇથી લગ્નના મુહુર્તોની શરૂઆત થશે : ૬ લગ્નના મુહુર્તો છે

રાજકોટ : અષાઢ શુદ ૩ને મંગળવાર તા.૯-૭ના દિવસથી લગ્નના મુહુર્તોની શરૂઆત થશે. આ વર્ષે ગુરૂ-શુક્રના અસ્તના લીધે ઉનાળામાં મે તથા જુન મહિનામાં લગ્નના મુહુર્તો ન હતા પરંતુ હવે ૯ જુલાઇ મંગળવારથી ૬ જેટલા લગ્નના મુહુર્તો છે.

જુલાઇ મહિનાના લગ્નના મુહુર્તો તા.૯,૧૧,૧૨,૧૩,૧૪,૧૫ ત્યારબાદ તા.૧૭ જુલાઇને બુધવારે દેવ પોઢી એકાદશી છે અને જયોતિષના નિયમ પ્રમાણે દેવપોઢી જાય એટલે લગ્ન થઇ શકતા નથી. આથી આ વર્ષે હવે માત્ર ૬ લગ્નના મુહુર્તો છે.

ત્યારબાદ ૧૨ નવે.ના દિવસે દેવ દિવાળી છે અને દેવતાઓ જાગશે આથી ફરીથી હિન્દુ નવ વર્ષ લગ્નના મુહુર્તો આવશે.

નવેમ્બર ૨૦૨૪ લગ્નના મુહુર્તો તા.૧૭,૨૨,૨૩,૨૫,૨૬ ડિસેમ્બર ૨૦૨૪ લગ્નના મુહુર્તો તા.૩,૫,૬,૭,૧૪ ત્યારબાદ તા.૧૫-૧૨-૨૦૨૪ થી ૧૪-૧-૨૦૨૫ સુધી કમુહુર્તા છે.



શાસ્ત્રી રાજદીપ જોષી
(વેદાંત રત્ન)

# અનુસંધાન પહેલા પાનાનું

## સરકાર કાર્યવાહી કરવામાં ઢીલાશ કેમ મુકે છેઃ હાઇકોર્ટ

હતા. મૃતદેહની હાલત એવી થઈ ગઈ કે DNA ટેસ્ટથી ઓળખ મેળવવા પરિવારજનોનાં સેમ્પલ એર એમ્બ્યુલન્સથી ગાંધીનગર એરલિફ્ટ કરવાની નોબત આવી હતી. પુરાવાનો નાશ કરવા રાજકોટ મનપાનાં પાંચ જેસીબી કામે લાગ્યાંની ઘટનાના ૨૪ કલાકમાં જ આખા ગેમ ઝોનને ધ્વસ્ત કરી દેવામાં આવ્યો છે. ગેમ ઝોનની જગ્યા હાલ મેદાનમાં ફેરવાઈ ગઈ છે. ગેમ ઝોન ધ્વસ્ત થયા પછી પણ માનવઅંગો મળ્યાં, જેને સિવિલ હોસ્પિટલ ઉગઅ રિપોર્ટ માટે ખસેડાયાં હતાં.

## પ્રભાસ પાટણના દરિયાકાંઠેથી ૭૨ લાખનું ચરસ પકડાયું

પો. સબ ઈન્સ. પી. જે. બાટવા, એફ. એસ. એલ. નાં અધિકારી, એસ. ઓ. જી. નાં સ્ટાફ નાં એ. એસ. આઈ. દેવદાન ભાઈ કુંભારવાડીયા,ગોવિંદભાઈ રાઠોડ, પો. હેડ. કોન્સ્ટેબલ ગોપાલસિંહ મોરી, હસમુખભાઈ ચાવડા, પો. કોન્સ્ટેબલ મેહુલસિંહ પરમાર, ધર્મેન્દ્રસિંહ ગોહિલ, મહાવીરસિંહ જાડેજા, DHC ગોપાલભાઈ મકવાણા, યોગેશભાઈ બારીયા જોડાયેલ હતા.

## ૨૪ કલાકમાં ૧૧૦ તાલુકામાં મેઘમહેર

વરસાદ નોંધાયો હતો. તો બીજી બાજુ હિંમતનગર, હાંસોટ, નેત્રંગ અને જોટાણામાં ૨-૨ ઈંચ વરસાદ નોંધાયો છે. જયારે પ્રાંતિજ, ભીલોડા, વિજાપુર અને માણસામાં દોઢ ઈંચ વરસાદ ખાબક્યો હતો.

અત્યાર સુધીમાં રાજ્યમાં મોસમનો સરેરાશ કુલ ૨૦ ટકા જેટલો વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ સૌરાષ્ટ્ર ઝોનમાં ૨૯ ટકા, કચ્છ ઝોનમાં ૨૫ ટકા અને દક્ષિણ ગુજરાત ઝોનમાં ૨૧ ટકા જેટલો વરસાદ વરસ્યો હતો. રાજ્યમાં સર્જાયેલા સાયકલોનિક સર્કયુલેશનને કારણે આજે દક્ષિણ ગુજરાતમાં સુરત, નવસારી, વલસાડ, દમણ અને દાદરાનગર હવેલીમાં અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તેમજ ભારે વરસાદને પગલે માછીમારોને દરિયો ખેડવાની પણ મનાઈ કરવામાં આવી છે.

## ત્રીજા દિવસે શેરબજાર ઓલટાઈમ હાઈઃ સેન્સેક્સ ૮૦,૩૩૧

સેન્સેક્સ ૭૦ હજાર હતો જે હવે ૩ જુલાઈના રોજ ૮૦ હજાર પર પહોંચી ગયો છે. તે જ સમયે, સેન્સેક્સને ૬૦ હજારથી ૭૦ હજાર સુધી પહોંચવામાં ૨ વર્ષથી વધુ સમય લાગ્યો. આ વર્ષે અત્યાર સુધીમાં સેન્સેક્સમાં ૧૦%નો વધારો જોવા મળ્યો છે અને છેલ્લા એક વર્ષમાં ૨૨%નો વધારો થયો છે.

અગાઉ ગઈકાલે શેરબજારે સર્વકાલીન ઉચ્ચ સ્તર બનાવ્યું હતું. ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સ ૮૦,૦૭૪ના સ્તરને સ્પર્શ્યો હતો અને નિફ્ટીએ ૨૪,૩૦૭ના સ્તરને સ્પર્શ કર્યો હતો. જોકે આ પછી બજાર થોડું નીચે આવ્યું અને સેન્સેક્સ ૫૪૫ પોઈન્ટના વધારા સાથે ૭૯,૯૮૬ પર બંધ થયો. નિફ્ટી પણ ૧૬૨ પોઈન્ટ ઉછળ્યો હતો. ૨૪,૨૮૬ની સપાટીએ બંધ રહ્યો હતો. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૪માં ઉછાળો અને ૬માં ઘટાડો જોવા મળ્યો હતો.

## ટીમ ઈન્ડિયાએ વડાપ્રધાન મોદી સાથે મુલાકાત કરી

સામેલ હશે. ITC મૌર્યના એક્ઝિક્યુટિવ શેફ શિવનીત પાહોજાએ કહ્યું- અમારી ટીમે એક કેક તૈયાર કરી છે, જે ટીમ ઈન્ડિયાની જર્સીના રંગની છે. તે ટ્રોફી આકારની છે.

ટીમ ઈન્ડિયા બીજી વખત T-20 વર્લ્ડ કપ જીતીને પરત આવી છે. ટીમે ૨૦૦૭માં એમએસ ધોનીની કપ્તાનીમાં પહેલો ખિતાબ જીત્યો હતો. આ વખતે ટીમ ઈન્ડિયાએ રોહિત શર્માની કેપ્ટન્સીમાં સાઉથ આફ્રિકાને ૭ રનથી હરાવીને ટ્રોફી જીતી હતી.

BCCI સેક્રેટરી જય શાહે એક સોશિયલ પોસ્ટમાં લખ્યું - ટીમ ઈન્ડિયાના સન્માનમાં આયોજિત થનારી વિજય પરેડમાં અમારી સાથે જોડાઓ અને ગુરુવારે સાંજે ૫ વાગ્યે મરીન ડ્રાઈવ અને વાનખેડે પર અમારી સાથે ઉજવણી કરો.

# અનુસંધાન છેલ્લા પાનાનું

## દાંતામાં ચાર કલાકમાં ૮ ઈંચ વરસાદ

તિલકવાડામાં સવા બે ઈંચ, વડગામ, પાલનપુરમાં બે ઈંચ, નંદોલ, ઝઘડીયામાં એક ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત રાજ્યના અન્ય તાલુકામાં પણ હળવાથી મધ્યમ વરસાદ વરસ્યો હતો.દાંતાની હોસ્પિટલમાં પાણી ઘૂસી જતાં દર્દીઓને ટ્રેક્ટરની મદદથી અન્ય હોસ્પિટલમાં ખસેડવાની ફરજ પડી હતી. ગ્રામજનો તેમજ સેવાભાવી આગેવાનોની મદદથી દર્દીઓને અન્ય જગ્યાએ ખસેડવામાં આવ્યાં હતા. આખી હોસ્પીટલમાં પાણી ભરાઈ ગયા હતા. જેથી ખુબ હાલાકી પડી હતી.દાંતાની હોસ્પિટલની અંદર તેમજ હોસ્પિટલની બહાર પાણી જ પાણી જોવા મળી રહ્યું છે. હોસ્પિટલની બહાર ઘૂટણસમાં પાણી ભરાઇ ગયા હતા. જેથી સવારે સ્થાનિક આગેવાનો તેમજ ગ્રામજનો લોકોની મદદ કરવા પહોંચી ગયા હતા. અંબાજી અને હડાદ પંથકમા પણ ધોધમાર વરસાદ વરસ્યો છે.હવામાન વિભાગની આગાહીને લઈ બનાસકાંઠા જિલ્લામાં સાર્વત્રિક મેઘ મહેલ થઈ છે. દાતા, વડગામ, પાલનપુર બાદ અમીરગઢ પંથકમાં પણ વરસાદ વરસ્યો હતો. અમીરગઢ પંથકમાં સારા વરસાદના પગલે ખેતરોમાં પાણી ભરાયા હતા.સાબરકાંઠા જિલ્લામાં વરસાદી માહોલ જામ્યો હતો. ગાજવીજ સાથે રાત્રી દરમિયાન વરસાદ વરસ્યો હતો. ખાસ કરીને ઈડરમાં પોણા ૪ ઇંચ વરસાદ ખાબક્યો હતો. આ સિવાય અન્ય તાલુકામાં પણ સારો વરસાદ વરસ્યો હતો. સાબરકાંઠામાં ગત રાત્રીએ વરસેલા વરસાદને લઈ નેશનલ હાઇવે પર પાણી ભરાયા હતા. હિંમતનગર શહેરમાંથી પસાર થતા અમદાવાદ- ઉદેયપુર નેશનલ હાઇવે પર પાણી ભરાયા હતા. જેથી વાહન ચાલકો પરેશાન થયાં હતા.

રાજ્યમાં સિઝનનો એવરેજ ૨૦ ટકાથી વધુ વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ સૌરાષ્ટ્ર ઝોનમાં એવરેજ ૨૯ ટકાથી વધુ, કચ્છમાં એવરેજ ૨૫ ટકાથી વધુ, દક્ષિણ ગુજરાતમાં ૨૦ ટકાથી વધુઉત્તર ગુજરાતમાં ૧૩ ટકાથી વધુ તેમજ મધ્ય ગુજરાતમાં એવરેજ ૧૨ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે.

બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, સુરત, નવસારી, વલસાડ, દાદરા નગર હવેલી, દમણ, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, મહિસાગર, નર્મદા, ભરૂચ, ડાંગ, તાપી, સુરેન્દ્રનગર, રાજકોટ, અમરેલી, ભાવનગર, મોરબી, બોટાદ સહિતમાં હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે છે.

# પ્રદેશ ભાજપની કારોબારી શરૂ : નવા પ્રમુખ જાહેર થઈ શકે



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૪

ગુજરાત પ્રદેશ ભાજપની બે દિવસની કારોબારીનો આજથી સાળંગપુર ધામ ખાતે પ્રારંભ થયો છે. લોકસભાની ચૂંટણી બાદ ફરી દેશમાં ભાજપના શાસન, ગુજરાતમાં દાયકા બાદ એક બેઠકના નુકસાન સહિતના સંજોગોમાં આ કારોબારી મળી રહી છે તો ગુજરાત પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ હવે કેન્દ્રીય મંત્રી બન્યા હોય, ગુજરાતમાં નવા કાયમી પ્રમુખ અથવા કાર્યકારી પ્રમુખના નામની જાહેરાત થાય તેવી શકયતા છે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ, પ્રદેશ પ્રમુખ પાટીલ સાથે આ કારોબારીમાં ભાગ લેવા ખાસ કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયેલ આવી રહ્યા છે. આ કારોબારીમાં નવી સરકારને ચૂંટણીમાં જીત બદલ અભિનંદન, હાલની રાજકીય સ્થિતિ, હવે કરવાની ચિંતા અને મંથન ઉપર ચર્ચા થશે. ઉપરાંત કાલે સાંજે કારોબારીના સમાપન સાથે મહત્વના ઠરાવ પણ કરવામાં આવશે. પુરા ગુજરાતના જિલ્લા અને મહાનગરોમાંથી ચૂંટાયેલા અપેક્ષીત લોકો, હોદેદારો આજે બપોરે સાળંગપુર પહોંચી ગયા હતા.

શાસક ભારતીય જનતા પાર્ટીના ગુજરાત એકમની વિસ્તૃત રાજ્ય કારોબારી બેઠક આજથી બે દિવસ બોટાદ જિલ્લાના સાળંગપુરમાં બીએપીએસ સ્વામિનારાયણ કેમ્પસ ખાતે શરૂ થઈ છે. આ અંગેની ઔપચારિક જાહેરાત ગઈકાલે ગુજરાત ભાજપના નેતા રજનીભાઈ પટેલે કરી હતી.

આ બેઠકની વધુ વિગતો આપતા પટેલે કહ્યું - આ મીટિંગનું નેતૃત્વ રાજ્ય પક્ષના વડા સીઆર પાટીલ કરશે. જેમાં કેન્દ્રીય નેતાઓ પણ હાજર રહેશે. આ બેઠકમાં ઠરાવો પસાર કરવામાં આવશે અને પક્ષના કાર્યકરોને માર્ગદર્શન આપવામાં આવશે. મંડલ પ્રમુખો અને રાજ્યના પદાધિકારીઓથી માંડીને ૧૩૦૦થી વધુ પક્ષના કાર્યકરો આ બેઠકમાં હાજરી આપશે.

તેમણે કહ્યું કે આ બેઠકની તૈયારીઓ માટે રાજ્ય કક્ષાની ટીમ બનાવવામાં આવી છે. કેન્દ્રમાં નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપે સતત ત્રીજી વખત સરકાર બનાવી છે. બેઠકમાં આ સંબંધમાં અભિનંદન પ્રસ્તવ પસાર કરવામાં આવશે.

પટેલે કહ્યું કે પાર્ટી રાજકીય પરિસ્થિતિના આકારણીની સમીક્ષા કરશે. તેમણે કહ્યું કે બે દિવસીય બેઠકના પ્રથમ દિવસે પાંચ સત્રો યોજાશે. પટેલે આ બેઠક દરમિયાન રાજ્યના નવા પક્ષના વડાની નિમણૂક અંગે કોઈ વિચાર-વિમર્શ કે નિર્ણય લેવામાં આવશે કે કેમ તે અંગે પુષ્ટિ કરવાનો કે ઇનકાર કર્યો ન હતો.

નોંધનીય છે કે રાજ્ય પક્ષના વડા સીઆર પાટીલ હવે કેન્દ્રીય પ્રધાન છે અને તેઓ નજીકના ભવિષ્યમાં તેમના પદ પરથી રાજીનામું આપશે. ત્યારે પ્રદેશ પ્રમુખ તરીકે આવતીકાલે મયંક નાયકના નામની જાહેરાત થઈ શકે છે. ઉલ્લેખનિય છે આ વર્ષે સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજશે ત્યારે પ્રદેશ થી લઈ સ્થાનિક સંગઠન તેને ધ્યાને લઈને રચાશે.

## કુવાડવા રોડ પર બદ્રીનાથ મંદિરના મહંત પર હુમલો કરનારા સામે પગલા લેવા માંગણી

### ફરિયાદમાં પાંચના બદલે ત્રણ આરોપી દર્શાવાયાની ફરિયાદઃ કલેકટરતંત્રને આવેદનપત્ર



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૪

શહેરના કુવાડવા રોડ પર આવેલા બદ્રીનાથ મંદિરના મહંત પર હુમલો કરનારા સામે પગલા લેવાની માંગણી સાથે વિવિધ હિન્દુ સંગઠ્નો દ્વારા આજે કલેકટરતંત્રને આવેદનપત્ર સુપ્રત કરી રજુઆત કરવામાં આવી હતી.

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, સ્વયંસેના, હિન્દુસેના, સનાતન ભગવાધારી, જયશ્રી રામ સેના સહિતના સંગઠ્ન દ્વારા કરાયેલી આ રજુઆતમાં જણાવાયું છે કે ગત તા.૩-૬ના રોજ બદ્રીનાથ મંદિર મહંત પર જીવલેણ હુમલો કરેલ હોય, પીડિત મહંત ને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન જે લોકો પર તાત્કાલીક ફરિયાદ થવી જોઈએ. તેમના બદલે ત્યાં એમ.એલ.સી. રિપોર્ટ એએસઆઈ અમિતાબેન બકુત્રાને આપેલ ત્યારબાદ તા.૧૮/૬ સુધી કોઈ પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલ ન હતી.

જેમાં ૧૮/૬ના સ્થાનિક હિન્દુ સંગઠનોને જાણ થતા પોલીસ પ્રશાસનને ઘટના સ્થળે કાર્યવાહી માટે બોલાવેલ જેમાં પણ નિવેદન લખનાર અમિતાબેન બકુત્રા હોઈ જેથી પીડિત પુજારીના સ્પષ્ટ નિવેદનમાં આરોપીઓની સંખ્યા ૫ લખાવેલ હોઈ તેમને બદલે આરોપી સંખ્યા ૩ દર્શાવી આરોપીઓને છાવરવામાં આવી રહ્યા હોવાનો આક્ષેપ કરેલ છે.

આ બનાવમાં જે નકકર કાર્યવાહી થવી જોઈએ તે હજુ સુધી થયેલ જેથી આ મામલે તત્કાલ પગલા લેવા માંગણી કરવામાં આવી છે.

## પિતાએ બકાલાના પૈસા ન આપતાં તેના પુત્રો પર હુમલો

### સંતોષી નગર મેઈન રોડ રહેતાં રતિલાલ પાસેથી કિશન જાવણીયા બકાલાના પૈસા માંગતો હતોઃ પૈસા ન આપતાં તેના પુત્રોને માર માર્યોઃ સારવારમાં ખસેડાયા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૪

શહેરનાં સંતોષી નગર મેઈન રોડ એકે બેકરીની બાજુમાં રહેતાં રતિલાલ સોલંકી પાસે કિશન જાવણીયા બકાલાના પૈસા માંગતો હતો. બકાલાના પૈસા ન આપતાં તેના પુત્રો પર હુમલો કર્યો હતો.

બનાવની વિગત મુજબ સંતોષી નગર મેઈન રોડ એકે બેકરીની બાજુમાં શંકર ટેકરીમાં રહેતાં હિતેશ રતિ-લાલ સોલંકી (ઉ. વ.૨૪) અને તેનાં ભાઈ કિશન રતિ-લાલ સોલંકી (ઉ.વ.૨૮) તેઓ બંને ગઈ કાલ રાત્રીના આઠેક વાગ્યાની આસપાસ પોતાનાં ઘર પાસે હતાં ત્યારે કિશન દેવજીભાઈ જાવણીયા અને તેની સાથેના અજાણ્યા શખ્સોએ છરી વડે હુમલો કરતાં બંને ભાઈઓને ઈજા થતાં સારવારમાં ખસેડવામાં આવ્યા હતા.

કિશન જાવણીયા બકાલુંનો વ્યવસાય કરે છે. તેઓ કિશનના પિતા રતિ-લાલ સોલંકી પાસે બકાલુના ૧૦ થી ૧૫ હજાર પૈસા માંગતા હતા. પૈસા ન આપતા રતિલાલના બંને દિકરા હિતેષ અને કિશન પર હુમલો કર્યાનું જાણવા મળ્યું હતું.

બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રદ્યુમન નગર પોલીસને જાણ કરી હતી.

## ઈકો કારે રીક્ષાને હડફેટે લેતા એક વ્યકિતનું મોત




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૪

રાજકોટ તાલુકાના નાગલપર ગામ પાસે હિટ એન્ડ રનની ઘટના બની હતી. જેમાં ઈકો કારે રીક્ષાને હડફેટે લેતા રીક્ષામાં બેઠેલા નારણભાઈ બાબુભાઈ જોગડીયા (ઉ.૪૫,રહે. નાગલપર, તા.જિ. રાજકોટ)નું મોત નિપજયું હતું.

પોલીસ સુત્રો અને મૃતકોના પરિવાર તરફથી મળેલી વિગત મુજબ નારણભાઈ જોગડીયાને ગઈકાલે રાત્રે ૯ વાગ્યા આસપાસ તબીયત નાદુરસ્ત થઈ હતી. ચકકર જેવું આવતું હતું. જેથી તેઓ રાજકોટથી દવા લેવા જવા ઘરેથી નીકળ્યા હતા. તેઓ નાગલપરથી રીક્ષામાં બેઠા હતા. રીક્ષા થોડી આગળ ચાલી ત્યાં પુરપાટ ઝડપે આવેલી ઈકો કારે રીક્ષાને હડફેટે લીધી હતી. અકસ્માતમાં નારણભાઈને માથામાં ગંભીર ઈજા થઈ હતી.

તેમને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયાં સારવારમાં તેમનું મોત નિપજયું હતું. નારણભાઈને સંતાનમાં ૨ પુત્ર અને ૧ પુત્રી છે. ૩ ભાઈમાં તેઓ નાના હતા. તેઓ લોટ દળવાની ચકકી ચલાવતા હતા. બનાવના પગલે જોગડીયા પરિવારમાં શોક છવાયો છે.



# પીઆઈ ધોળા - વણઝારા સસ્પેન્ડ



રાજકોટ, તા.૩

ગઈકાલે તા.૩ જુલાઈની રાતે ડીજીપીએ સીટ અને ગૃહવિભાગના રિપોર્ટના આધારે પીઆઈ જે.વી.ધોળા અને પીઆઇ વી.એસ.વણઝારાને સસ્પેન્ડ કર્યા સસ્પેન્ડ કરી દેવાતા પોલીસબેડામાં ખળભળાટ મચી ગયો છે. સમગ્ર વિગત એવી સામે આવી છે કે, રાજકોટ તાલુકા પોલીસ મથકમાં ટીઆરપી ગેમ ઝોનનું લાયસન્સ મેળવવા અરજી થઈ હતી. જેમાં તેને



છે.

ટીઆરપી ગેમઝોનને સૌ પ્રથમ વખત વર્ષ ૨૦૨૧ માં પોલીસ દ્વારા ટીકીટ બુકીંગ માટે લાયસન્સ કાઢી અપાયું હતું. ત્યારે પીઆઈ જે.વી. ધોળા રાજકોટ તાલુકા પોલીસ મથકમાં અને પીઆઈ વી.એસ. વણઝારા લાયસન્સ શાખામાં ફરજ બજાવતા હતા. આ બંને પીઆઈને ગઈકાલે સસ્પેન્ડ કરી દેવાયા છે. આ ફરજ મોકૂફીનો આદેશ ખુદ રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય દ્વારા કરવામાં આવ્યો છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યા મુજબ, આજે અગ્નિકાંડમાં સીટનો રિપોર્ટ હાઈકોર્ટમાં સબમિટ થવાનો છે. તે પહેલાં જ બે પોલીસ અધિકારીને લાયસન્સ પોલીસ દ્વારા અપાયું હતું. ટીકીટ બુકીંગ માટે ટીઆરપી ગેમ ઝોન પાસે લાયસન્સ હતું.

આ લાયસન્સ દર વર્ષે જાન્યુઆરી માસમાં રીન્યુ થતું હતું. છેલ્લે જ્યારે રીન્યુ થયું ત્યારે તાલુકા પોલીસ મથકમાં પીઆઈ વી.આર. પટેલ ફરજ બજાવતા હતા. જેથી તેને બનાવ બાદ સસ્પેન્ડ કરાયા હતા. જ્યારે છેલ્લે જ્યારે લાયસન્સ રીન્યુ થયું ત્યારે રાજકોટ શહેર પોલીસની લાયસન્સ શાખાનો ચાર્જ પીઆઈ એન.આઈ. રાઠોડ પાસે હતો. જેથી પીઆઈ રાઠોડને પણ સસ્પેન્ડ કરાયા હતા. બંનેની લાંબી પૂછપરછ પણ કરાઈ હતી.

આ પછી તા. ૩૦ મે ના રોજ હાલ કચ્છમાં ફરજ બજાવતા પીઆઈ જે.વી. ધોળા અને અમદાવાદમાં ફરજ બજાવતા પીઆઈ વી.એસ. વણઝારાની ગાંધીનગર ખાતેથી અટકાયત કરી રાજકોટ ક્રાઈમ બ્રાંચ કચેરીએ મોડી રાત્રે લવાયા હતા. તેમની પૂછપરછ થઈ હતી. જોકે સૂત્રોએ કહ્યું હતું કે, બે-ત્રણ દિવસની લાંબી પૂછપરછ પછી બંને પીઆઈને પોલીસની તપાસ સીટ તરફથી ક્લીન ચિટ મળી ગઈ હતી.

આ તરફ રાજ્ય સરકારે આઈપીએસ સુભાષ ત્રિવેદીની અધ્યક્ષતામાં સીટની રચના કરી હતી. આ સીટ દ્વારા પણ ઘટના સંબંધિત તમામ અધિકારીઓની પૂછપરછ થઈ હતી. ગઈ તા.૨૦ના રોજ આ સીટ દ્વારા સરકારને રિપોર્ટ કરી દેવાયો હતો. આજે સરકાર આ રિપોર્ટ હાઈકોર્ટ સમક્ષ રજુ કરવાની છે.

એ પહેલાં ગઈકાલે તા.૩ જુલાઈની રાતે ડીજીપીએ સીટ અને ગૃહવિભાગના રિપોર્ટના આધારે પીઆઈ જે.વી.ધોળા અને પીઆઇ વી.એસ.વણઝારાને સસ્પેન્ડ કર્યા છે. ગેમઝોન આગ દુર્ઘટનાના ગુનામાં રાજકોટ મનપાના ટીપી શાખાના અધિકારીઓ અને ફાયર વિભાગના અધિકારીઓને આરોપી બનાવાયા છે. તો શું પોલીસ અધિકારીઓ પણ આરોપી બનશે? તે સવાલ પર ભારે ચર્ચા થઈ રહી છે.

# પૂર્વ ટાઉન પ્લાનીંગ ઓફીસર સાગઠીયાનો નાર્કોટેસ્ટ કરાશે તો સત્ય હકીકત બહાર આવશે

### ભાજપના નેતાઓ કોની પરવાનગીથી સાગઠીયાને મળવા આવ્યા?

રાજકોટ, તા.૪

રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા શહેર પોલીસ કમિશનરને આવેદન પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં જણાવ્યું છે કે, રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના તમામ હોદ્દેદારો, આગેવાનો, કાર્યકર્તાઓની રાજકોટની ૨૦ લાખની જનતા વતી એવી માંગણી છે કે, અગ્નિકાંડ અને ભ્રષ્ટાચારનું સત્ય બહાર લાવવા માટે અગ્નિકાંડના આરોપી એવા સસ્પેન્ડેડ પૂર્વ ટાઉન પ્લાનીંગ ઓફીસર મનસુખ સાગઠિયાનો નાર્કો ટેસ્ટ કરવામાં આવે. નાર્કો ટેસ્ટ કરાશે તો જ તેની પાછળ ભાજપના કયા નેતાઓ છે? કોના કહેવાથી તેણે ભ્રષ્ટાચાર કર્યો તેની સત્ય હકીકત ઉજાગર થશે.

મનસુખ સાગઠિયા હાલ છ દિવસના રિમાન્ડ ઉપર છે ત્યારે પોલીસ ડિપાર્ટમેન્ટ દ્વારા જરૂરી મંજુરીઓ મેળવીને નાર્કો ટેસ્ટ કરાય તો ભ્રષ્ટાચારમાં અન્ય કયા કયા ભાજપી નેતાઓ, અધિકારીઓ, ઇજનેરો, આર્કિટેકટસ, કન્સલ્ટીંગ, સિવિલ ઇજનેરો, વચેટીયાઓ, વહીવટદારો, દલાલો વિગેરે સામેલ હતા તેની વિગતો બહાર આવશે અને કયા બિલ્ડર્સ તેમજ ડેવલપર્સ તેને લાંચ-રૂશ્વત આપતા હતા અને શા માટે આપતા હતા તે રહસ્યો પણ ખુલશે. ભ્રષ્ટાચારની સમગ્ર સિન્ડીકેટનો પર્દાફાશ થશે.

મનસુખ સાગઠીયાની ધરપકડ બાદ તેને મળવા ભાજપના અમુક નેતાઓ, કોર્પોરેટરો, પૂર્વ ધારાસભ્યો વિગેરે આવ્યા હતા તેવું મીડિયાના અહેવાલોમાં આવી રહયું છે તો તે મામલે સત્ય શું છે? તેનો ખુલાસો જાહેર જનતા જોગ કરશો. ભાજપના નેતાઓ કોની પરવાનગીથી સાગઠીયાને મળવા આવ્યા? શું આ મુલાકાતની રેકર્ડ ઉપર નોંધ લેવાઈ છે? તેની સંપૂર્ણ વિગતો આપશો.

કોંગ્રેસ પ્રદેશ આગેવાનો ડો. હેમાંગ વસાવડા, ગાયત્રીબા અશોકસિંહ વાઘેલા, રાજદિપસિંહ જાડેજા, વશરામભાઇ સાગઠીયા, ધરમભાઇ કાંબલીયા, જશવંતસિંહ ભટ્ટી, મેઘજીભાઇ રાઠોડ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.



# ઘણા IAS-IPS કે બીજા મોટા ગજાના નેતાઓની સંડોમણી સામે આવી શકે

### રાજકોટ ગેમઝોનની તપાસ સાગઠીયાના ભ્રષ્ટાચાર પર આવીને અટકી ગઈ?

રાજકોટ, તા.૪

આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ મંત્રી અજીતભાઈ લોખીલે એક ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, રાજકોટમાં ટીઆરપી ગેમઝોનમાં અગ્નિકાંડની એક ઘટના ઘટી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકોના મોત થયા હતા. આ દુર્ઘટના બાદ સરકારે સીટની રચના કરી પરંતુ અત્યાર સુધી ગુજરાતમાં આવી જેટલી પણ ઘટનાઓ ઘટી છે અને તપાસના જેટલા પણ નાટકો થયા છે એવા જ નાટકો આ દુર્ઘટનાની તપાસમાં થઈ રહ્યા છે. સીટની અને બીજી જેટલી પણ કમિટી બની તે તમામની તપાસ સાગઠીયાના ભ્રષ્ટાચાર પર આવીને અટકી જાય છે.

સાગઠીયાની જેટલી પણ સંપત્તિ જપ્ત કરવામાં આવી છે, તેની રકમ જંત્રી પ્રમાણે ગણવામાં આવી છે. પરંતુ જો બજાર કિંમત પ્રમાણે સંપત્તિની ગણતરી કરવામાં આવે તો ૧૫૦ કરોડથી વધુનો ભ્રષ્ટાચાર સામે આવશે. મારું સ્પષ્ટ પણે માનવું છે કે આટલો મોટો ભ્રષ્ટાચાર કોઈપણ મોટા ગજાના નેતાઓ અને આઈએએસ-આઈપીએસની મિલી ભગત વગર શક્ય નથી. મારું માનવું છે કે જો સાગઠીયાથી આગળ વધીને વધુ તપાસ કરવામાં આવે તો આમાં ઘણા આઈએએસ અને આઈ પી એસ કે બીજા મોટા ગજાના નેતાઓની સંડોમણી સામે આવી શકે છે. આજે આઈએએસ અને આઈપીએસ અધિકારીઓ મોટા ગજાના નેતાઓની ખંડણી અને કલેક્શનનું કામ કરે છે માટે એમના નામ ન ખુલે તેવા પ્રયાસો ચાલી રહ્યા છે. કારણ કે જો તપાસ આગળ વધશે તો આનો રેલો સીએમઓ સુધી જઈ શકે તેમ છે, તેવી વાતો ચાલી રહી છે.

સાગઠીયા વિશે રાજકોટની એક એક સામાન્ય જનતા પણ જાણે છે કે જ્યારે તેમને કાયમી કરવામાં આવ્યા ત્યારથી સીએમ ઓફિસ સુધી તેના છેડા લાગેલા છે અને તેના સારા સંબંધો રહેલા છે. માટે અમારૂ માનવું છે કે આ તમામ વિષયોની ઊંડી તપાસ થવી જોઈએ. રાજકોટની આ ઘટનામાં નાના ફુલ જેવા બાળકો સહિત કુલ ૨૭ લોકોની મૃત્યુ થઈ હતી અને જો તેમને ન્યાય અપાવવો હોય તો આ તપાસને નિષ્પક્ષ રીતે કરવામાં આવે. અને આ કેસમાં જેટલા પણ મોટા ગજાના નેતાઓ અને આઈએએસ આઈપીએસ અધિકારીઓ સામેલ છે તેમના પણ નામ ખોલીને તેમના ઉપર પણ ફરિયાદ દાખલ કરવામાં આવે.

# બેડી માર્કેટ યાર્ડ માટે સેન્સ લેતા નિરીક્ષકો: કાલે ચૂંટણી










### ચેરમેન પદે જયેશ બોઘરા રીપીટ થાય તેવી શકયતા

રાજકોટ, તા.૪

બેડી માર્કેટયાર્ડના ચેરમેન અને વાઈસ ચેરમેન પદની આવતીકાલે બપોરે ૧૨ વાગ્યે યાર્ડ ખાતે ચૂંટણી યોજાનાર છે. ચૂંટણી અધિકારી તરીકે જામનગર જિલ્લા રજીસ્ટ્રાર નિર્મળસિંહ ગોહીલ ફરજ બજાવશે. ગઈકાલે જિલ્લા કાર્યાલય ખાતે પ્રદેશ નિરીક્ષકો અમીબેન પરીખ, હસમુખ હિંડોચા અને પ્રદીપ ખીમાણીએ યાર્ડના ચુંટાયેલા સભ્યો સહીત કુલ ૩૫ અપેક્ષીત આગેવાનોની સેન્સ લીધી હતી. પ્રમુખપદ માટે મુખ્ય ૩ નામો ઉપસેલ. જેમાં વર્તમાન ચેરમેન જયેશ બોઘરાનું પલ્લુ વધુ ભારે હોવાનું કહેવાય છે. કોઈ એક નામ માટે સર્વાનુમતી ન થયેલ પણ પાર્ટી નિર્ણય કરે તે સ્વીકારવાની સર્વેએ તૈયારી દર્શાવી હતી. ચેરમેન પદ માટે પરસોતમ સાવલીયા અને વિજય કોરાટ પણ દાવેદાર તરીકે સેન્સમાં ઉભર્યા છે.

વાઈસ ચેરમેન પદ માટે વર્તમાન વાઈસ ચેરમેન વસંતભાઈ ગઢીયા અને કેશુભાઇ નંદાણીયાનું નામ ચર્ચામાં આવ્યું છે. વેપારી વિભાગના સભ્યોએ વાઈસ ચેરમેન પદ વેપારી ડીરેકટરને ફાળવવાની લાગણી વ્યકત કરી છે. નિરીક્ષકો આજે અહેવાલ પ્રદેશ ભાજપને આપી દેશે.

ચેરમેન પદ માટે ભાજપ બે જુથોએ જુદા જુદા નેતાઓ સમક્ષ પોતાની 'લાગણી' પહોંચાડી છે. સહકારી રાજકારણમાં ખેંચતાણ આધારીત ગરમાવો આવી ગયો છે. યાર્ડના ચેરમેન પદે વિજય કોરાટનું નામ ચર્ચાઈ રહયું છે.

# યુનિ. રોડ પર ૮૦ કરોડની જમીન ખુલ્લી કરાઇ

### આઠ દિવસ પહેલા નોટીસ આપી છતાં ખાલી ન કરતા મામલતદાર - નાયબ મામલતદાર દ્વારા કાર્યવાહી



રાજકોટ તા. ૪

રાજકોટ જીલ્લા કલેકટર પ્રભવ જોષીની સીધી ડાયરેકટ સૂચના બાદ આજે સવારે ૧૦ વાગ્યે પશ્ચિમ મામલતદાર યોગેશ શુકલા, નાયબ મામલતદાર, તલાટી તથા અન્ય સ્ટાફ ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે યુનિ. રોડ પર ત્રાટકયા હતા અને બૂલડોઝર ફેરવી દઇ અંદાજે ૮૦ કરોડથી વધૂની કિંમતની ૩ એકર જગ્યા ખુલ્લી કરાવી કલેકટરને રીપોર્ટ કરી દિધો છે.

આ સ્થળે એક ચો.મી.નો ભાવ રૂા. ૭૦ થી ૮૦ હજાર ગણીએ તો ૩ એકર એટલે કે ૧૨ હજાર ચો.મી. વધુની જગ્યાનો ભાવ રૂા. ૮૦ થી ૮૫ કરોડ થતો હોવાનું મામલતદાર કચેરીના અધિકારી સૂત્રોએ કહ્યું હતું.

સાધનોએ ઉમેર્યુ હતું કે, યુનિ. રોડ પર કિડની હોસ્પિટલ સામે સરકારી ખરાબો સર્વે નં. ૩૧૮ની ૩ એકર જમીન ફરતે વંડો વાળી ૪ થી ૫ શખ્સોએ ૧ થી ૨ ઓરડી બનાવી લીધી હતી, આ બાબત ધ્યાને આવતા જ મામલતદાર દ્વારા ૮ દિવસ પહેલા નોટીસ ફટકારાયેલ, આમ છતાં જગ્યા ખાલી નહિ કરતા આખરે આજે બૂલડોઝર ફેરવી જગ્યા ખુલ્લી કરાવાઇ હતી, વીજ કનેકશન કાપી નખાયું હતું. આ ઉપરાંત યુનિ. રોડ પર ગઇકાલે અનેક મકાન ધારકોને બીનખેતી - શરતભંગ અંગે નોટીસો અપાયાનું બહાર આવ્યું છે.

# ગુજરાત સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં જાન્યુઆરી-૨૦૨૪થી ૪ ટકાનો વધારો : સાતમાં પગાર પંચનો લાભ મેળવતા રાજયસેવાના અને પંચાયત સેવા તથા અન્ય મળી ૪.૭૧ લાખ કર્મચારીઓ અને ૪.૭૩ લાખ પેન્શનર્સને લાભ મળશે

# દાંતામાં ચાર કલાકમાં ૮ ઈંચ વરસાદ



### આજે રાજકોટ, અમરેલી, ભાવનગર, મોરબી, બોટાદ સહિતમાં હળવાથી મદ્યમ વરસાદની આગાહી

અમદાવાદ, તા.૪

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર બાદ હેવ મેઘરાજાએ ઉત્તર ગુજરાતને ધમરોળ્યું છે. દાંતામાં તો આજે આભ ફાટ્યું હતું. ચાર કલાકમાં જ ૮ ઈંચ વરસાદ ખાબક્યો હતો. જેથી સરકારી હોસ્પિટલમાં પાણી ઘૂસી આવ્યા હતા. જેને પગલે દર્દીઓને ટ્રેક્ટરની મદદથી અન્ય હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતા. તો પાલનપુરમાં પણ બે ઈંચ વરસાદમાં જ ઠેર-ઠેર પાણી ભરાઈ ગયા હતા.

આ ઉપરાંત કડી, જોટાણા, તેમજ સાબરકાંઠા સહિતમાં ગઈકાલે ધોધમાર વરસાદ વરસ્યો હતો. કડીમાં ૨૪ કલાકમાં સવા પાંચ ઈંચ વરસાદથી જળબંબાકારની સ્થિતિ ઉભી થઈ હતી. સોસાયટીઓમાં અને રહેણાંક મકાનોમાં પાણી ઘૂસી જતા ઘરવખરી પલળી ગઈ હતી. આજે સવારે ૬ વાગ્યાથી બપોરના ૧૨ વાગ્યા સુધીમાં રાજ્યના ૬૩ તાલુકામાં વરસાદ નોંધાયો છે.

પાલનપુરમાં બે કલાકમાં દોઢથી બે ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. જેથી ગઠામણ પાટીયા રોડ ઉપર પાણી ભરાયા હતા. ત્રણથી ચાર ફૂટ જેટલા પાણી ભરાતા વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. ગઠામણ પાટીયા થી ૧૦ થી વધુ ગામોને જોડતા માર્ગ ઉપર પાણી ભરાતા વિદ્યાર્થીઓ સહિત રાહદારીઓ અટવાયા હતા. પાણી ભરાતા હાઈવે ઉપરથી પસાર થતા વાહનો તેમજ ગામડાઓમાંથી આવતા વાહનોને લઈને ટ્રાફિકજામ સર્જાયો હતો. પાણી ભરાવાના કારણે અનેક વાહનો પણ બંધ થયા હતા.

ભિલોડા પથંકમાં સતત બે દિવસથી વરસાદ વરસી રહ્યો છે. રાત્રી દરમિયાન ખાબકેલા ધોધમાર વરસાદના કારણે સુનોખ વાશેરાકંપા પાસે નાદરી નદીમાં પાણીની આવક થઈ છે. નદી પરના ચેકડેમ પણ ઓવરફ્લો થયા છે. સુનોખ વક્તાપુરના ગામોમાં આસપાસ આવેલા વાંધા કોતરોમાં પાણી વહી રહ્યા છે.

દાંતામાં ૮ ઈંચ જેટલો ધોધમાર વરસાદ વરસતા અનેક ઝરણાં અને ધોધ વહેતા થયા હતા. વડગામના જલોત્રા પાસેના પાણીયારી આશ્રમ નજીક ધોધ જીવંત થયો હતો. જેથી અદભૂત નજારો સર્જાયો હતો. લોકોએ સેલ્ફી લેવાની પણ મજા માણી હતી.

સવારે ૬ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધીમાં રાજ્યના ૪૪ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ દાંતામાં ૮ ઈંચ, (જુઓ.પાનું.૫)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફકત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.